RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 263* Date: 20.07.2021 Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## સંસદનું ચોમાસુ સત્ર શરૂ થતા જ ભારે હંગામો, બંને સદનની કાર્યવાહી સ્થગિત

ન્યુ દિલ્હી,તા.૧૯

સંસદના ચોમાસુ સત્રના પહેલા દિવસની શરૂઆત હંગામા સાથે થઈ છે. લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી સ્થગિત કરી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, વિપક્ષી દળો સરકારને ખેડૂત આંદોલન, મોંઘવારી, બેરોજગારી જેવા મુદ્દે ઘેરવા માટે પ્રયત્ન કરી રહ્યા છે. જોકે વિપક્ષના હુમલાને નિષ્ફળ બનાવવા માટે સરકારે પણ મોટું પ્લાનિંગ કર્યું છે. જોકે સત્રના એક દિવસ પહેલાંૅપ્તઙજેજ હેકિંગ વિવાદના લીધે ચોમાસુ સત્ર ધમાલિયું રહેશે તે નક્કી થઈ ગયું હતું.

વિપક્ષી દળોએ સત્ર શરૂ થતા પહેલા જ સ્થગન પ્રસ્તાવ આપી દીધો હતો અને અનેક મુદ્દે ચર્ચા કરવા માગણી કરી હતી. કોરોના મેનેજમેન્ટ, પેટ્રોલ અને ડીઝલના વધતા ભાવ સહિત અનેક મુદ્દે સંસદમાં ચર્ચા માટે નોટિસ આપવામાં આવી છે. રાજદ દ્વારા સંસદમાં કોરોના સંકટ અંગે ચર્ચા કરવા માગ કરવામાં આવી છે. સાંસદ મનોજ ઝાએ નોટિસ આપીને નોટિસ આપીને કોરોનાથી થયેલા મૃત્યુના આંકડાઓ અંગે ચર્ચા કરવા કહ્યું હતું. સવારે ૧૧:૦૦ કલાકે બંને સદનની કાર્યવાહી શરૂ થઈ હતી. આજે સંસદના મોનસૂન સત્રનો પહેલો દિવસ છે. લોકસભામાં નવા સાંસદોને શપથ ગ્રહણ કરાવવામાં આવ્યા.

ભારે હંગામા વચ્ચે વડાપ્રધાને લોકસભાને સંબોધિત કરી હતી અને અનેક દલિત ભાઈ મંત્રી બન્યા તે ખુશીની વાત છે તેમ કહ્યું હતું. જોકે ભારે હંગામા બાદ રાજ્યસભાની કાર્યવાહી સ્થગિત કરવામાં આવી હતી અને ૧૨:૨૪ કલાકે સદનની કાર્યવાહી ફરી શરૂ કરવામાં આવશે. લોકસભાની કાર્યવાહી પણ સ્થગિત કરવી પડી હતી જે બપોરે ૨:૦૦ કલાકે ફરી શરૂ થશે.

લોકસભામાં પોતાના સંબોધન દરમિયાન સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે વિપક્ષ પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે, કોંગ્રેસે સદનમાં નવા મંત્રીઓનો પરિચય ન થવા દીધો. ૨૪ વર્ષમાં પહેલી વખત આ જોવા મળ્યું છે અને આજે સદનની પરંપરા તૂટી છે.

## ગૃહમાં પરંપરાઓ તૂટી, 'છેલ્લા ૨૪ વર્ષમાં આવું નથી જોયું'', -રાજનાથ

ન્યુ દિલ્હી,તા.૧૯

ચોમાસુ સત્રના પહેલા દિવસે વિપક્ષી સાંસદોના વર્તનથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દુઃખી થયા. લોકસભામાં નવા સાંસદોના શપથ ગ્રહણની સાથે કાર્યવાહી શરૂ કરવામાં આવી. ત્યારબાદ પીએમ મોદી ઉભા થયા અને પોતાના મંત્રીઓનો પરિચય કરાવવાનું શરૂ કર્યું. આ દરમિયાન વિપક્ષી સાંસદોએ હોબાળો શરૂ કરી દીધો. પીએમે કહ્યું કે, તેઓ વિચારીને આવ્યા હતા કે આજે ગૃહમાં ઉત્સાહનો માહોલ હશે, પરંતુ આવું ના થયું. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે, તેમણે છેલ્લા ૨૪ વર્ષમાં આવું ક્યારેય નથી જોયું.

લોકસભા સ્પીકર ઓમ બિરલાએ પણ વિપક્ષને ઘણું જ સંભળાવ્યું. વિપક્ષી સાંસદોના હોબાળા પર પીએમ મોદીએ કહ્યું કે, "હું વિચારી રહ્યો હતો કે ગૃહમાં ઉત્સાહનું વાતાવરણ હશે, કેમકે ઘણી મોટી સંખ્યામાં આપણી મહિલા સાંસદ, દલિત ભાઈ, આદિવાસી, ખેડૂત પરિવારથી સાંસદોને મંત્રી પરિષદમાં તક મળી. તેમનો પરિચય કરાવવાનો આનંદ હોત, પરંતુ કદાચ દેશના દલિત, મહિલા, ઓબીસી, ખેડૂતોના દીકરા મંત્રી બને એ વાત કેટલાક લોકોને પસંદ નથી આવતી. આ કારણે તેમનો પરિચય પણ ના આપવા દીધો.'' સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પણ વિપક્ષને આડેહાથ લીધું. તેમણે કહ્યું કે, છેલ્લા ૨૪ વર્ષના સંસદીય ઈતિહાસમાં તેમણે ક્યારેય આવું નથી જોયું. રાજનાથે કહ્યું કે, ગૃહમાં પરંપરાઓ તૂટી રહી છે. સ્પીકર ઓમ બિરલાએ પણ વિપક્ષી સાંસદોને તેમના વર્તન માટે ખરેખરું સંભળાવ્યું.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં

કોરોના નવા કેસની સંખ્યા:૨૪

રાજ્યમાં કુલ કેસનો આંકડો

પહોંચ્યો : ૮૨૪૫૧૭

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં

લોકોનાં મૃત્યુ: ૦

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા

દર્દીઓની સંખ્યા :૭૪

ગુજરાતમાં સાજા થયેલા કુલ

દર્દીઓની સંખ્યા : ૮૧૩૯૯૮

### રાજ્યોમાં ભારે થી અતિ ભારે વરસાદની આગાહી

## દિલ્હી અને મુંબઈમાં ભારે વરસાદ બાદ હાલ બેહાલ,ઉત્તરાખંડ માં ૩ના મોત



ન્યુ દિલ્હી,તા.૧૯

ભારે વરસાદ બાદ દિલ્હી અને મુંબઈના હાલ બેહાલ થઈ ગયા છે. ઠેર ઠેર પાણી ભરાઈ ગયા છે. મૂશળધાર વરસાદના કારણે મુંબઈમાં રેલવે સેવા પણ પ્રભાવિત થઈ છે. જ્યારે ઉત્તરાખંડમાં વરસાદ કહેર બનીને તૂટી પડ્યો છે. જ્યારે ઉત્તરકાશી જિલ્લામાં વાદળ ફાટવાથી ૩ લોકોના મોત થયા છે તથા રાહત અને બચાવકાર્ય એસડીઆરએફની ટીમ પણ લાગી છે.

જીઢઈહ્ન ના ઈન્સ્પેક્ટર જગદંબા પ્રસાદે જણાવ્યું કે ઉત્તરાખંડના ઉત્તરકાશી જિલ્લાના માંડો ગામમાં ગઈ કાલે મોડી રાતે વાદળ ફાટવાની ઘટનામાં અત્યાર સુધીમાં ૩ લોકોના મોત થઈ ચૂક્યા છે. જ્યારે ચાર લોકો લાપત્તા છે. મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ બચાવ અને રાહત કાર્યમાં તેજી લાવવાના આદેશ આપ્યા છે. ભારતીય હવામાન ખાતાએ સોમવારે પશ્ચિમી ઉત્તર પ્રદેશના અનેક વિસ્તારોમાં ભારે વરસાદની ચેતવણી જાહેર કરી છે. આ દરમિયાન રામપુર અને બરેલીમાં ખુબ વરસાદ પડી શકે છે. જ્યારે શ્રાવસ્તી, બલરામપુર, સિદ્ધાર્થનગર, ગોંડા, હરદોઈ, સીતાપુર, લખીમપુર, અને સંતકબીર નગરના કેટલાક વિસ્તારમાં ભારે વરસાદ પડવાની વકી છે.

મુંબઈમાં રવિવારે હાલના ચોમાસા સીઝનનો બીજો સૌથી વધુ વરસાદ નોંધાયો. શહેરમાં એક જૂન બાદથી ૧૮૧૧ મિમી વરસાદ નોંધાયો છે. જે સપ્ટેમ્બરના અંત સુધીમાં મુંબઈમાં થનારા સામાન્ય વરસાદમો ૮૫ ટકા કરતા પણ વધુ છે. હવામાન ખાતાના આંકડા મુજબ મુંબઈમાં છેલ્લા ૩ દિવસમાં ૬૬૧.૫ મિમી વરસાદ થયો છે. જે સમગ્ર ચોમાસામાં થતા વરસાદનો ૩૦ ટકા છે.

દિલ્હી એનસીઆરમાં આજે સવારે થયેલા ભારે વરસાદના કારણે ગરમીથી રાહત મળી છે. ભારે વરસાદ બાદ અનેક વિસ્તારોમાં રસ્તા પાણીમાં ડૂબી ગયા છે. અનેક વિસ્તારોમાં ટ્રાફિક જામ થયો છે. આ કારણે જનજીવન ખોરવાયું છે. હવામાન વિભાગના જણાવ્યાં મુજબ આજે દિલ્હીમાં વાદળ છવાયેલા રહેવાની સાથે હળવાથી મધ્યમ વરસાદની વકી છે. ભારતીય હવામાન ખાતાની આગાહી મુજબ આજે ઉત્તર ભારત સહિત ગુજરાત, મધ્ય પ્રદેશ, અને પૂર્વ રાજસ્થાનમાં અલગ અલગ સ્થળોએ વીજળી ચમકવાની અને ૨૩ જુલાઈ સુધીમાં ભારે વરસાદની આગાહી જણાવી છે. આઈએમડીએ જણાવ્યું, પશ્ચિમી હિમાલય ક્ષેત્ર (જમ્મુ કાશ્મીર, લદાખ, ગિલગિટ બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ) અને તેની સાથે જોડાયેલા ઉત્તર-પશ્ચિમ ભારત-પંજાબ, હરિયાણા, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, અને મધ્ય પ્રદેશના ઉત્તારી ભાગોમાં ૧૮થી ૨૧ જુલાઈ સુધીમાં ભારે વરસાદથી અતિ ભારે વરસાદની આગાહી છે.

## દેશના રાજ્યોમાં વીજળી પડવાની સંભાવના

ન્યુ દિલ્હી,તા.૧૯

દેશભરમાં ચોમાસાના આગમન બાદ આગામી એક સપ્તાહ સુધી ઉત્તર ભારતમાં ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગના અનુમાન પ્રમાણે સંપૂર્ણ ઉત્તર ભારતમાં આગામી ૧૮થી ૨૧ જુલાઈ સુધી ભારે વરસાદ વરસશે. જ્યારે પશ્ચિમી ક્ષેત્રોમાં ૨૩ જુલાઈ સુધી આ સ્થિતિ રહેશે.

હવામાન વિભાગના કહેવા પ્રમાણે દક્ષિણ પશ્ચિમ ચોમાસાના ફરી સક્રિય થયા બાદ ઉત્તરી ક્ષેત્ર સહિત દેશના અનેક હિસ્સાઓમાં આગામી ૬-૭ દિવસોમાં ભારે વરસાદ વરસશે. ચોમાસાનો સૌથી વધારે પ્રભાવ દિલ્હી, યુપી, બિહાર, રાજસ્થાન, હરિયાણા અને પંજાબના ક્ષેત્રોમાં પડશે. ત્યાંના લોકોને ભીષણ ગરમીમાંથી રાહત મળશે. હવામાન વિભાગના અહેવાલ પ્રમાણે પશ્ચિમી હિમાલયી ક્ષેત્ર (જમ્મુ, કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ)માં બાદમાં પણ વરસાદ ચાલુ રહેશે. જ્યારે ઉત્તર પશ્ચિમ ભારતમાં પંજાબ, હરિયાણા, રાજસ્થાન, યુપી અને ઉત્તરી મધ્ય પ્રદેશમાં પણ ૧૮થી ૨૧ જુલાઈ સુધી જોરદાર વરસાદ વરસશે.

ત્યાર બાદ આ ક્ષેત્રોમાં વરસાદનું પ્રમાણ ઘટશે તેવું અનુમાન છે. પશ્ચિમી અને દક્ષિણી ભારતમાં પણ ભારે વરસાદની સંભાવના છે. આગામી ૫-૬ દિવસ દરમિયાન પશ્ચિમી તટ અને આસપાસના ક્ષેત્રોમાં ઘનઘોર વરસાદ ચાલુ રહેવાનું અનુમાન છે. હવામાન વિભાગે આગામી ૨૪ કલાક દરમિયાન ઉત્તર પ્રદેશ, ગુજરાત, મધ્ય પ્રદેશ અને પૂર્વીય રાજસ્થાનના અલગ અલગ સ્થાનો પર વીજળી પડવાની અને ભારે ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા દર્શાવી છે. સાથે જ આ સ્થિતિમાં બહાર રહેતા લોકો અને પશુઓને નુકસાન પહોંચી શકે છે તેવી ચેતવણી પણ આપવામાં આવી છે.

### સંસદના ચોમાસુ સત્ર પહેલા બોલ્યા પ્રધાનમંત્રી

## સરકારનો જવાબ સાંભળવા પણ તૈયાર રહે વિપક્ષ :મોદી



*ન્યુ દિલ્હી,તા.૧૯*

સંસદના ચોમાસૂ સત્રની આજથી શરૂઆત થઈ રહી છે. આ પહેલા સંસદના પરિસરમાં મીડિયા સાથે ચર્ચા કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સાંસદોને શાંતિ વ્યવસ્થા જાળવવા અપીલ કરી છે. તેમણે કહ્યું કે, "હું તમામ સાંસદોને આગ્રહ કરીશ કે તેઓ સતત પ્રશ્ન પૂછે, વારંવાર પ્રશ્ન પૂછે, પરંતુ શાંત વાતાવરણ રાખે. સરકારને પણ જવાબ આપવાનો પુરતો સમય આપે.'' પીએમ મોદીએ કહ્યું કે, દેશની જનતા જે જવાબ ઈચ્છે છે, એ જવાબ આપવાની સરકારની સંપૂર્ણ તૈયારી છે. તેમણે કહ્યું કે, અંદરની વ્યવસ્થા પહેલાની માફક નથી. તમામ સાથે બેસીને કામ કરવાના છે, કેમકે લગભગ-લગભગ વેક્સિનેશન થઈ ગયું છે. આ સત્રમાં ફાઈનાન્સિયલ સહિત કુલ ૩૧ બિલ રજૂ કરવામાં આવી શકે છે. આ સત્ર ૧૩ ઓગષ્ટ સુધી ચાલવાનું છે. ચોમાસુ સત્રની શરૂઆતથી પહેલા પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે, મને આશા છે કે તમે બધાયે વેક્સિનનો પહેલો ડોઝ લગાવી દીધો હશે. ત્યારબાદ પણ આપણે કોવિડ પ્રોટોકોલનું પાલન કરવાનું રહેશે.

પીએમે કહ્યું કે, કોરોનાની રસી બાહુ (ખભો) પર લાગે છે. આવામાં અત્યાર સુધી ૪૦ કરોડથી વધારે લોકો બાહુબલી બની ચુક્યા છે, પરંતુ આપણે કોવિડ નિયમોનું પણ પાલન કરવાનું છે. પીએમે કહ્યું કે, સરકાર ઈચ્છે છે કે મહામારીના મુદ્દા પર સાર્થક ચર્ચા થાય. આ સાથે જ પીએમ મોદીએ જાણકારી આપી કે તેઓ કાલે સાંજે સદનને કોવિડ પર વિસ્તૃત જાણકારી પણ આપશે.

લોકસભા સાંસદ ઓમ બિરલા ચોમાસુ સત્ર માટે સદન પહોંચ્યા અને તેમણે ટ્વીટ કર્યું કે, 'લોકો ઈચ્છે છે કે તેમના પ્રશ્નો સાંસદો મારફતે સરકાર સુધી પહોંચે. મને આશા છે કે તમામ રાજકીય દળો આ દિશામાં સકારાત્મક ભૂમિકા નીભાવશે.

## નાસાની ચેતવણી, ધરતી તરફ પૂરઝડપે આવી રહ્યો છે વિશાળકાય 'પથ્થર'

વોશિંગ્ટન,તા.૧૯

અમેરિકન અંતરિક્ષ એજન્સી નાસાએ એક વિશાળ એસ્ટરોઇડ તોફાની રફતારથી ધરતીની કક્ષમાં આવી રહ્યો છે. આ એસ્ટરોઇડ ૨૦ મીટર પહોળો છે અને ૮ કિમી પ્રતિ સેકન્ડની રફતારથી ધરતીની પાસેથી પસાર થશે. આ એસ્ટરોઇડનું નામ '૨૦૦૮ ઁ૨૦' છે. કહેવાય છે કે આગામી ૨૫મી જુલાઇના રોજ આ વિશાળ એસ્ટરોઇડ ધરતીની કક્ષાની પાસેથી પસાર થશે.

ડેલી સ્ટાર રિપોર્ટના મતે આ એસ્ટરોઇડના ધરતી પાસેથી ટકરાવાની આશંકા 'ખૂબ જ ઓછી' છે. નાસાએ આ એસ્ટરોઇડ પર બાજ નજર બનાવી રાખી છે. આ આકારમાં લંડનના ખૂબ જ ચર્ચિત બિગ બેનના આકાર કરતાં બમણો છે. ભારતીય સમયાનુસાર ૨૫મી જુલાઇના રોજ રાત્રે અંદાજે બે વાગ્યે પસાર થશે. જે કક્ષમાંથી આ એસ્ટરોઇડ પસાર થશે તેને અપોલો કહેવાય છે.

દ્બછજીછએ આ ખતરનાક એસ્ટરોઇડની શ્રેણીમાં મૂકયા છે. નાસા હાલ બે હજાર એસ્ટરોઇડ પર નજર રાખી રહ્યું છે જે ધરતી માટે ખતરો બની શકે છે. જો કોઇ તેજ રફતાર સ્પેસ ઓબ્જેક્ટ ધરતીથી ૪૬.૫ લાખ માઇલથી અંદાજે આવવાની સંભાવના હોય છે તો તેને સ્પેસ ઓર્ગેનાઇઝેશન્સ ખતરનાક માને છે. દ્બછજીછની જીહંિઅ સિસ્ટમ આવા ખતરા પર પહેલેથી જ નજર રાખે છે. તેમાં આવનારા ૧૦૦ વર્ષ માટે હાલ ૨૨ એવા એસ્ટરોઇડસ છે જેને પૃથ્વીથી ટકરાવાની થોડીક પણ આશંકા છે.

એસ્ટરોઇડસ એ પથ્થરા હોય છે જે કોઈપણ ગ્રહની જેમ જ સૂર્યના આટા મારે છે પરંતુ આ આકારમાં ગ્રહોથી થોડાંક નાના હોય છે. આપણી સોલર સિસ્ટમમાં મોટાભાગે એસ્ટરોઇડસ મંગળ ગ્રહ અને ગુરૂ એટલે કે માર્સ અને જ્યુપિટરની કક્ષામાં એસ્ટરોઇડ બેલ્ટમાં જોવા મળે છે. આ સિવાય પણ બીજા ગ્રહોની કક્ષમાં ફરતા રહે છે અને ગ્રહની સાથે સૂર્યના આંટા મારે છે. અંદાજે ૪.૫ અબજ વર્ષ પહેલાં જ્યારે આપણી સોલાર સિસ્ટમ બની હતી ત્યારે ગેસ અને ધૂળના એવા વાદળો જે કોઇ ગ્રહનો આકાર લઇ શકતા નથી અને પાછળ છૂટી ગયા તે જ આ પથ્થરો એટલે કે એસ્ટરોઇડસમાં ફેરવાઇ ગયા. આ જ કારણ છે કે તેનો આકાર પણ ગ્રહોની જેમ ગોળ હોતો નથી. કોઈપણ બે એસ્ટરોઇડ એક જેવા હોતા નથી.

## દેશભર માં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩૮,૧૬૪ નવા કેસ નોંધાયા,૪૯૯ લોકોના મોત



ન્યુ દિલ્હી,તા.૧૯

દેશમાં ઘણાં દિવસો બાદ કોરોના વાયરસના નવા કેસની સંખ્યા ૪૦,૦૦૦થી ઓછી નોંધાઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના નવા ૩૮ હજાર ૧૬૪ નવા કેસ સામે આવ્યા છે. જ્યારે ૩૮ હજાર ૬૬૦ લોકો ડિસ્ચાર્જ થયા છે. દેશમાં અત્યાર સુધી કોરોનાથી સવા ચાર લાખ લોકોના મોત થયા છે.

સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી બહાર પાડવામાં આવેલ આંકડા ગઈકાલે દેશમાં ૪૯૯ લોકોના કોરોનાથી મોત થયા છે. ત્યાર બાદ અત્યાર સુધી કોરોનાથી ૪ લાખ ૧૪ હજાર ૧૦૮ લોકોના મોત થયા છે. જ્યારે દેશમાં અત્યારે એક્ટિવ કેસની સંખ્યા ૪ લાખ ૨૧ હજાર ૬૬૫ થઈ ગઈ છે. જ્યારે અત્યાર સુધી ત્રણ કરોડ ૮ હજાર ૪૫૬ લોકો ઠીક થયા છે. દેશમાં અત્યાર સુધી કોરોનાથી ત્રણ કરોડ ૧૧ લાખ ૪૪ હજાર ૨૨૯ કેસ નોંધાયા છે.

સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું, દેશમાં દરરોજનો પોઝિટિવીટી રેટ ૨.૬૧ ટકા છે. સારી વાત એ છે કે દૈનિક પોઝિટિવીટી રેટ સતત ૨૮ દિવસથી ૩ ટકાથી ઓછો છે. રિકવરી રેટ વધીને ૯૭.૩૨ ટકા થયો છે. દેશમાં અત્યાર સુધી ૪૦ કરોડથી વધારે લોકોને રસી લાગી છે. સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું, દેશમાં અત્યાર સુધી રસીના ૪૦ કરોડ ૬૪ લાખ ૮૧ હજાર ૪૯૩ ડોઝ આપવામાં આવ્યા છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર)એ કહ્યું, ભારતમાં ગઈકાલે કોરોના વાયરસ માટે ૧૪ લાખ ૬૩ ૫૯૩ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા. ત્યાર બાદ અત્યાર સુધીમાં કુલ ૪૪ કરોડ ૫૪ લાખ ૨૨ હજાર ૨૫૬ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

ગુજરાતમાં કોરોનાના કેસ ઘટી રહ્યા છે. છેલ્લા થોડા દિવસોથી એક પણ જિલ્લામાં ડબલ ડિજિટમાં કેસ નથી નોંધાયો. રાજયમાં કોરોનાની બીજી લહેરમાં નવા કેસમાં સ્ટેબલ થયા છે. રાજકોટ સહિત ૩ શહેર અને અમદાવાદ સહિત ૨૩ જિલ્લામાં શૂન્ય કેસ છે. રાજ્યમાં ગઈકાલે કોરોનાના નવા ૩૩ કેસ નોંધાયા છે. દરમિયાન ૨૪ કલાકમાં ૭૧ દર્દીએ કોરોનાને માત આપી છે. જેને પગલે રાજયનો રિક્વરી રેટ સુધરીને ૯૮.૭૨ ટકા થયો છે. જ્યારે અમદાવાદ શહેરમાં ૧ દર્દીનું મોત થયું છે.

## તંત્રી સ્થાનેથી...

# ધરતી પરના ઓક્સિજન આપતા વૃક્ષોની અછત સર્જાઈ જશે તો......?

*વિશ્વના કેટલાક દેશોમાં કોરોના વાયરસની નવા સ્વરૂપે ત્રીજી લહેર શરૂ થઈ ગઈ છે. વિશ્વના વિજ્ઞાનીઓ, નિષ્ણાતો તથા ઉૐ સતત ચેતવણી આપતા રહ્યા છે કે કોરોના વાયરસની ત્રીજી વધુ નુકસાન કરશે કારણ કે ત્રીજી લહેર ફેલાવાની ઝડપ વધુ હશે. ભારત સરકારે ત્રીજી લહેર ત્રાટકવાની ચેતવણી બાદ તેનો સામનો કરવા સ્વાસ્થ્યક્ષેત્રે દેશભરમાં વિવિધ રીતે વ્યવસ્થા કરી છે. છતાં ભારતમાં શરૂઆતમાં ૪૦ જેટલા કોરોના ના નવા રૂપના કેસો સામે આવ્યા બાદ સરકારે આમ પ્રજાને માસ્ક, ડિસ્ટન્સ,જે તે કાર્યક્રમોમાં મર્યાદિત સંખ્યા,ભીડ ન થાય તેવી વિવિધ બાબતે ચેતવણી આપવા સાથે સાવચેત રહેવા પણ કહ્યું હતું.અને દિશા નિર્દેશ આપ્યા હતા. જોકે રાજકીય લાભ લેવા માટે યુપીની સરકારે કોર્ટના નિર્દેશ છતાં કાવડ યાત્રાની મંજૂરી આપી છે એ નોંધનીય બાબત છે. કોરોનાની બીજી લહેર માં ઓક્સિજનની અછત સર્જાઈ હતી જેને કારણે અનેક લોકો મોતને ભેટ્યા હતા. આ બધું છતા ઓક્સિજન આપતા વૃક્ષોનું નિકંદન કાઢવાનું અટક્યું નથી. જેમાં માત્ર માનવ જાતજ નહી પણ ભારત સહિત વિશ્વના દેશોની સરકારો પણ જવાબદાર છે.....! અને જે તે દેશોની સરકારો પણ જવાબદાર છે. જે તે દેશો વિકાસની આંધળી દોડમાં વૃક્ષોનું નિકંદન કાઢી રહ્યા છે. વિશ્વભરમા દર વર્ષે ૧૫ કરોડ જેટલા વૃક્ષોનું નિકંદન કાઢી નાખવામાં આવે છે. તો ભારતમાં તાજેતરમાં બહાર આવેલ વિગતો અનુસાર દર ચાર મીનિટે એક વૃક્ષનું નિકંદન કાઢવામાં આવી રહ્યું છે..! ત્યારે સવાલ એ છે કે જો વૃક્ષોજ નહીં રહે તો માનવ જીવન સહિતના જીવોના જીવ કંઈ રીતે બચી શકશે.....?*

*તાજેતરમાં સાઈપ્રસની નિકોસિયા યુનિવર્સિટીના એક સંશોધનમાં જણાવેલ છે કે કોરોના જેવા સેંકડો વાયરસ વૃક્ષોના પરાગ કણથી ફેલાઈ શકે છે. આ સંશોધકોએ કૌમ્પ્યુટર પર વિરોધના વૃક્ષનું મોડેલ તૈયાર કરી કહ્યું કે આ વૃક્ષો મોટા પ્રમાણમાં પરાગકણો છોડે છે આને આધાર બનાવી પરાગકણથી કોરોના કેવી રીતે ફેલાય છે તે સમજાવ્યું હતું. તે સાથે ચેતવણી આપવામાં આવેલ કે કોરોના રોકવા છે બુકનું ડિસ્ટન્સ પુરતું નથી તે સાથે જણાવ્યું તે એક વૃક્ષ એક દિવસમાં પ્રતિ ક્યુબિક ફૂટના હિસાબે ૪૦ કરતાં વધુ પરાગ કણ હવામાં છોડે છે. તેમજ પ્રત્યેક કણમાં હજારોની સંખ્યામાં વાયરસ પાર્ટિકલ હોય છે. જો કે વિશ્વના દેશો એ વાતને માને છે એમેઝોન જંગલ ઓક્સિજનની વિશાળ ફેક્ટરી છે જે પૃથ્વીના વર્ષાવનનો ૫૦ ટકા જેટલો હિસ્સો ધરાવે છે. મતલબ વૃક્ષો ઓક્સીજન આપે છે તો દરિયામાંની સેવાળ વનસ્પતિઓ પણ ઓક્સિજનનો મોટો સ્તોત્ર છે. એક અંદાજ અનુસાર પૃથ્વીના વાયુ મંડળમાં જે હવા છે તેમાં ૭૮ ટકા નાઈટ્રોજન, ૨૧ ટકા ઓક્સિજન, ૦.૦૩ ટકા કાર્બન ડાયોક્સાઇડ અને ૦.૯૭ ટકામાં બીજા અન્ય વાયુ રહેલા છે. જ્યારે કે ૭૦ થી ૮૦ ટકા ઓક્સિજન શેવાળ પ્રકારની સમુદ્રી વનસ્પતિઓ આપે છે જે જમીનની વનસ્પતિઓ કરતા વધુ ઓક્સિજન આપે છે. જ્યારે કે પુખ્ત વ્યક્તિને પ્રતિદિન ૧૧,૦૦૦ લિટર હવાની જરૂર પડે છે, અને આ હવામા ૨૦% ઓક્સિજન હોય છે, જેમાંથી ૫ ટકા જેટલો ઓક્સિજન શરીર ગ્રહણ કરે છે અને કાર્બન ડાયોક્સાઇડ ઉચ્છવાસમાં છોડે છે, જેના હિસાબે માણસ દરરોજનો ૫૫૦ લિટર ઓક્સિજન લે છે. બીજી તરફ વિશ્વમાં દર વર્ષે ૧૩ લાખ ચોરસ મીટર જંગલો કપાતા જાય છે. તો ભવિષ્યમાં કેવી સ્થિતી પેદા થશે તે બાબત માનવ જાતને વિચારવાનો સમય પાકી ગયો છે..... હવે માનવજાતે સ્વાસ્થ્ય જાળવવા પોતાના જન્મદિવસે એક એક વૃક્ષ વાવેતર કરી તેની જાળવણી કરવી પડે તે જરૂરી છે, તે સાથે દરેક માનવી મરણ પાછળ ઉપયોગ થતા લાકડાનુ ઋણ ચૂકવી શકશે... ઉપરાંત દરેક દેશમાં વૃક્ષો બચાવવા લોકોએ બહાર નીકળવું પડશે....!! નહીં તો.... ઓક્સિજનની અછત.....કે નહી મળે તો......?!*

# માનવ શાકાહારી કે માંસાહારી



માનવનાં હાડકા અને તેની શરીર રચનાનું અધ્યયન એ સિદ્ધ કરે છે કે માનવ શાકાહારી પ્રાણી છે. માનવ પ્રાણી અને શાકાહારી પ્રાણીમાં સામ્યતા તથા શાકાહારી પ્રાણી અને માંસાહારી પ્રાણીમાં અંતર 'માનવ માંસાહારી પ્રાણી નહિ પરંતુ શાકાહારી પ્રાણી છે'' એ સ્પષ્ટ કરે છે. શાકાહારી અને માંસાહારી પ્રાણીઓ માં નીચે મુજબ મુખ્ય અંતર છે.

૧) શાકાહારી પ્રાણીઓનાં આંતરડાની લંબાઈ તેની લંબાઈ કરતા ચાર ગણી વધારે હોય છે અને માંસાહારી પ્રાણીઓનાં આંતરડાની લંબાઈ તેની લંબાઈ જેટલી હોય છે.

૨) માંસાહારી પ્રાણીઓમાં દાંત (રાક્ષસી દાંત) મોટા અને ખૂબ તીક્ષ્ણ હોય છે માનવનાં દાંત નાના હોય છે.

૩) માનવીની લાળ આલ્કલાઈન (aalklain)છે. તેમાં ટાઈલિન નામનો રસ છે જે શર્કરાને પચાવવામાં મદદ કરે છે. માંસાહારી પ્રાણીઓની લાળ એસીડીક છે.

૪) માનવ જઠરનો સ્રાવ માંસ ભક્ષક પ્રાણીઓનાં જઠરના સ્રાવ કરતા ૧/૫ ભાગ જેટલો જ એસિડિક છે માંસાહારી પ્રાણીઓ ના જઠર નો સ્રાવ અતિ એસિડિક છે કારણ કે તેમને અતિ પ્રોટીનયુક્ત માંસનું પાચન કરવાનું હોય છે.

૫) માનવીનાં હાથનાં નખો માંસાહારી પ્રાણીઓનાં નખો કરતા ખુબજ નાના હોય છે. માંસાહારી પ્રાણીઓને માંસ ભક્ષણ માટે લાંબા અને અણીદાર નખોની જરૂર રહે છે.

૬) માનવીનાં યકૃતમાંથી ખૂબ જ ઓછા પ્રમાણમાં બાઈલ નો સ્રાવ ઝરે છે. પરંતુ માંસાહારી પ્રાણીઓને અતિ ચરબીયુક્ત માંસનું પાચન કરવાની જરૂર હોવાને કારણે તેમનું યકૃત ખૂબ જ વધારે માત્રામાં બાઈલનું નિર્માણ કરે છે.

૭) દરેક માંસાહારી પ્રાણી જીભ થી પાણી પીવે છે. જ્યારે શાકાહારી હોઠ થી પાણી પીવે છે.

જેમ કે સિંહ માંસાહારી પ્રાણી છે બાહ્ય રૂપ શકિતશાળી હોવા છતાં તે જલ્દી થાકી જાય છે. તે ક્રોધી સ્વભાવનો હોય છે. હાથી શાકાહારી પ્રાણી છે પણ તે વધારે શકિતશાળી અને સહનશીલ હોય છે.

-મિતલ ખેતાણી,

### સાગબારા રેંજ ફોરેસ્ટ ઓફિસના કોમ્પ્યુટર ઓપરેટર વિરૂધ્ધમાં

# ખોટા આક્ષેપો વાળી અરજી કરી ફરીયાદીની બદલી કરાવી નાખવાની ધમકી આપતા ફરિયાદ

## અરજી પાછી ખેંચવા માટે ફરીયાદી પાસેથી રૂપિયા પાંચ હજારની માંગણી કરી




રાજપીપલા, તા.૧૯

સાગબારા રેંજ ફોરેસ્ટ ઓફિસના કોમ્પ્યુટર ઓપરેટર વિરૂધ્ધમાં ખોટા આક્ષેપો વાળી અરજી કરી ફરીયાદીની બદલી કરાવી નાખવાની ધમકી આપતા ફરિયાદ સાગબારા પોલીસ મથકે નોંધાઈ છે.

એ ઉપરાંત અરજી પાછી ખેંચવા માટે ફરીયાદી પાસેથી રૂપિયા પાંચ હજારની માંગણી કરીફરીયાદીને જાતી વિશેઅપમાન જનક શબ્દ આરોપી સામે બોલી માર મારવાની ધમકી આપતા એટ્રોસિટી ગુનાની પણ ફરિયાદ નોંધાઈ છે.

આ અંગે ફરીયાદી મહેન્દ્રભાઈ સુકલાલભાઈ વસાવા (રહે. અમીયાર તા.સાગબારા,જી.નર્મદા,)એ આરોપી નઝીર ગુલામ રસુલ મકરાણી (રહે.સેલંબા,તા.સાગબારા,જી.નર્મદા)સામે ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદની વિગત અનુસાર ફરીયાદી રેંજ ફોરેસ્ટ ઓફિસ સાગબારા ખાતે કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતા હોય જેથી આ કામના આરોપીએ ફરીયાદીની વિરૂધ્ધમાં ખોટા આક્ષેપો વાળી અરજી કરી ફરીયાદીની બદલી કરાવી નાખવાની ધમકી આપી અરજી પાછી ખેંચવા માટે ફરીયાદી પાસેથી રૂપિયા પાંચ હજારની માંગણી કરી ફરીયાદી પાસેથી બળજબરીથી પૈસા કઢાવી લેવાની કોશિષ કરી તેમજ ફરીયાદી અનુસુચીત જનજાતીનો હોય આરોપીએ ફરીયાદીને જાતી વિશે અપમાન જનક શબ્દ આરોપી સામે બોલી માર મારવાની ધમકી આપી ગુનો કરતા પોલીસે આરોપી સામે ઈ.પી.કો. કલમ. ૩૮૫, ૫૦૬(૧) તથા એક્ટ્રોસીટી એક્ટ કલમ.૩(૧)(આર)(એસ) તથા ૩(૨)(૫-એ)મુજબગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

ફરીયાદી વિરૂધ્ધમાં ખોટી અરજી કરી બળજબરીથી પૈસા પડાવવાનો ગુનો કે.એલ.ગળચર પોલીસ સબ ઈન્સ્પેકટર સાગબારાએ ગુનો દાખલ કર્યો છે આ ગુનાની વધુ તપાસ એસ.જી.મોદી ના.પો.અધિ. એસ.સી./એસ.ટી. સેલ નર્મદાચલાવી રહ્યા છે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

### ગુજરાતમાં પ્રાથમિક થી કોલેજ સુધીનું શિક્ષણ ગુણવત્તાવાળુ મળતું નથી

# સાંસદ મનસુખ વસાવાએ ગુજરાતના શિક્ષણ જગતની અનેક ખામીઓ સામે સવાલો ઉઠાવતો લેટરબૉમ્બ ફોડ્યો



રાજપીપલા, તા ૧૯

ભાજપાના સિનિયર નેતા અને ભરૂચના સાંસદ મનસુખભાઇ વસાવાએ ગુજરાતના શિક્ષણ જગતની અનેક ખામીઓ સામે સવાલો ઉઠાવતો લેટરબૉમ્બ ફોડ્યોછે.સાંસદ મનસુખભાઇ વસાવાએ શિક્ષણ મંત્રી ભુપેન્દ્ર ચુડાસમાને લખેલો પત્ર સોસીયલ મીડિયામાં વાયરલ થતાં ભારે ચર્ચાસ્પદ બન્યો છે. જેમાં ભાજપના જ સિનિયર નેતા તરીકે ભાજપની સરકાર દ્વારા ચાલતા શિક્ષણ તંત્રની અનેક ખામીઓ સામે સવાલો ઉઠાવતા શિક્ષણ જગતમાં ખળભલાટ મચી ગયો છે.

પત્રામાં સાંસદ મનસુખભાઈએ જણાવ્યું છે કે શિક્ષણ જગતમાં નિમ્ન કક્ષાની ઘટનાઓ ઘટી રહી છે. આશરે ૧૫ દિવસ પહેલા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સત્તાધીશો દ્વારા થયેલ માટી કૌભાંડ બહાર આવ્યું અને માટી કૌભાંડ કરતાં પણ શરમથી માથું ઝૂકી જાય તેવી ઘટના દક્ષિણ ગુજરાતની વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિએ રૂપિયા ૭૫૦૦માં દિલ્લીની ખાનગી સંસ્થા પાસેથી બેસ્ટ પ્રિન્સિપાલનો એવોર્ડ ખરીદીયો. આવા તો શૈક્ષણિક સંસ્થાઓના ઘણા બધા અનેક કિસ્સાઓ બહાર આવી શકે તેમ છે. કેટલાકઉધોગપતિઓ તથા ધનાઢય લોકો મૂળ બિઝનેસની સાથે શૈક્ષણિક સંસ્થાઓ ઊભી કરી રહ્યા છે. તેમને શિક્ષણ માટેનો પ્રેમ નથી, પરંતુ માત્રને માત્ર તેઓની બે નંબરી આવકમાંથી બચવા તથા CSR ફંડ સરકારમાં આપવાને બદલે જાતે જ શૈક્ષણિક સંસ્થાઓ તથા હોસ્પિટલો ઊભી કરી રહ્યા છે.

તદઉપરાંત કેટલાક સરકારી એકમોમાં શિક્ષકોને કોન્ટ્રાક્ટરો તથા કારકુનો બનાવી દેવામાં આવ્યા છે, જેના કારણે પ્રાથમિક થી કોલેજ સુધીનું શિક્ષણ ગુણવત્તાવાળુ મળતું નથી અને તેના કારણે આજે ગુજરાતમાં IAS અધિકારી, IPS અધિકારી તથા મોટા ઉધોગોમાં કી-પોસ્ટની (મહત્વની જગ્યા પર) ગુજરાતીઓ નોકરી મેળવી શકતા નથી. જેમકે ગુજરાતમાં બેંકો તથા કેન્દ્ર સરકારના ઘણા બધા એકમોમાં ગુજરાતીઓ નહિવત સંખ્યામાં જોવા મળે છે. ગુજરાતમાં IAS, IPS, કંપનીના એમ.ડી, જનરલ મેનેજરો, રાષ્ટ્રીયકૃત બેંકોના મેનેજરો, ઓ.એન.જી.સી, રેલવે તથા ટેલિકોમ એકમો જેવા અન્ય કેન્દ્ર સરકારના સાહસોમાં માંડ ૦૧ થી ૦૫ ટકા ગુજરાતીઓ જોવા મળે છે. ગુજરાતના વિધાર્થીઓમાં અનેક પ્રકારની શક્તિઓ પડેલી છે, પરંતુ વર્ષોથી શૈક્ષણિક સંસ્થાઓમાં જે પ્રકારે ધ્યાન આપવું જોઈએ, તે પ્રકારે ધ્યાન અપાતું નથી, ચોક્કસ વીઝન સાથે શૈક્ષણિક સંસ્થાઓએ જે કાર્ય કરવું જોઈએ, તે કાર્ય કરવામાં આવતું નથી. આપ ગુજરાતના શિક્ષણ મંત્રી છો અને તમામ રીતે આપ સક્ષમ છો અને ઘણા વર્ષોથી ગુજરાત સરકારના અલગ-અલગ વિભાગો આપ સ સંભાળી ચૂક્યા છો, તો આપની પાસેથી ગુજરાતની જનતા એ જ આશા અને અપેક્ષા રાખે છે કે શિક્ષણમાં જે નાની-મોટી ક્ષતિઓ છે, જે બદીઓ છે, તેને હિંમતપૂર્વક દૂર કરવાના પ્રયત્ન કરશો, તો ગુજરાતના યુવાનો ઉચ્ચ પદો હાસલ કરી શકશે અને તેઓ આપની પડખે ઉભા રહશે. તેવો મને આત્મવિશ્વાસ વ્યક્તકર્યો હતો

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# પારસી ટેકરા દેડીયાપાડા ખાતેથી ગેરકાયદેસર બાયોડિઝલ જેવુ જ્વલનશીલ પ્રવાહી લીટર ૧૭૪૦૦ કિ.રૂ.૧૨,૧૮,૦૦૦/- પકડાયું

રાજપીપલા, તા૧૯

પારસી ટેકરા દેડીયાપાડા ખાતેથી ગેરકાયદેસર બાયોડિઝલ જેવુ જ્વલનશીલ પ્રવાહી લીટર ૧૭૪૦૦ કિ.રૂ.૧૨,૧૮,૦૦૦/- પકડાયુંછે. આ ગુનામાં સંડોવાયેલ આરોપીની એલસીબી પોલીસ નર્મદાએ ધરપકડ કરી છે.



આ અંગે ડેડીયાપાડા પોલીસ મથકમાં ફરીયાદી અ.હે.કો. વિજયભાઇ ગુલાબસિંગ એલ.સી.બી. નર્મદા આરોપી સલીમભાઇ મહમદજી ખત્રી (ઉ.વ.૪૨ રહે.પારસી ટેકરા,ડેડીયાપાડા)સામે ઈ.પી.કો. કલમ-૨૮૫ તથા આવશ્યક ચીજ વસ્તુ ધારા કલમ-૩,૭,૧૧ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ફરિયાદની વિગત અનુસાર આરોપી સલીમભાઇ મહમદજી ખત્રી (ઉ.વ.૪૨ રહે.પારસી ટેકરા,ડેડીયાપાડા )એ પોતાના કબજાભોગવટાના મકાનમાં ગેરકાયદેસર બાયોડિઝલ જેવુ જ્વલનશીલ પ્રવાહી લીટર ૧૭૪૦૦ કિ.રૂ.૧૨,૧૮,૦૦૦/- તથા ઉપયોગમાં લીધેલ સાધનો મળી કુલ કિ.રૂ.૧૩,૩૫,૧૦૦/- ના મુદામાલ મોટો આર્થિક લાભ મેળવવાના ઈરાદે રાખી પકડાઇ જઇ ગુનો કરતા ડેડીયાપાડા પોલીસે કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે.

તસ્વીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# દેવશયની એકાદશી




ભારતીય સંસ્કૃતિમાં વૈદિક કાળથી ઉપવાસ, જપ તપ અને વ્રતની પરંપરા ચાલી આવે છે. આપણા ધર્મશાસ્ત્રોમાં વ્રત ઉપવાસનું અનેરું મહત્વ છે. જોકે મારી દ્રષ્ટિએ ક્યાંકને ક્યાંક આપણા ધર્મ સાથે વિજ્ઞાનનાં તથ્યો પણ વણાયેલાં છે એ વાત હું હંમેશા દ્રઢતાપૂર્વક કહેતી આવી છું. મને હંમેશા લાગ્યાં કર્યું છે કે આપણા દરેકેદરેક વાર-તહેવાર કે કોઈ વિશેષ તિથિ કે આપણા રીત-રિવાજો પાછળ આપણા ઋષિમુનિઓનું ખુબ ઊંડું ચિંતન અને પર્યાવરણમાં આવતાં બદલાવની સાથે અનુકૂલન સાધવાની વાત કરાઈ છે.

શક્ય છે કે દરેક વખતે એની પાછળનું વૈજ્ઞાનિક કારણ નવી પેઢી સુધી નથી પહોંચી શકતું છતાંય આપણા ધર્મમાં મને એક અતૂટ શ્રધ્ધા બેઠી છે અને જેમ જેમ હું વધારે ને વધારે એમાં ઊંડી ઉતરતી જાઉં છું એમ મારી આ શ્રધ્ધા વધુ ને વધુ દ્રઢ થતી જાય છે. અમારી પેઢી ને મારો એક જ અનુરોધ છે કે ક્યારેય પણ આપણા ધર્મ સાથે જોડાયેલી કોઈ પણ વસ્તુ ને અંધશ્રદ્ધામાં ન ખપાવતા કેમ કે શક્ય છે કે એની પાછળનું જે તે સમયનું તથ્ય કે વૈજ્ઞાનિક મહત્વ આપણાથી અજાણ હશે પણ હશે તો ખરા જ.

ઘણી બધી વસ્તુ કદાચ એવી પણ હશે જે એ વખતનાં સમય સંજોગોને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવી હશે. એ વખતે અત્યારનાં જેટલી ટેક્નોલોજી નહિ હોય તો અન્ય સામાજિક કારણોસર કોઈ વસ્તુ ધર્મ સાથે જોડી દેવાથી જ એનું અમલીકરણ શક્ય બન્યું હશે. માટે જ અમુક માન્યતા કે રીત-રિવાજો આજે પણ ચાલતી આવી છે. આપણા પૂર્વજો અને ઋષિમુનિઓ ઊંડા તત્વજ્ઞાની અને મહાચિંતક હતાં. આખાય વર્ષ દરમ્યાન આવતી આશરે ૨૪ જેટલી એકાદશીઓ અને એ દિવસે કરવામાં આવતાં વ્રત પણ આજ કારણોસર ગોઠવ્યાં હશે. હંમેશની જેમ એકાદશી છે એટલે પહેલાં ધાર્મિક તત્ત્વોની વાત કરીશ અને પછી એની પાછળ જોડાયેલા પર્યાવરણ, વિજ્ઞાન કે આરોગ્ય સંબંધિત પાસાઓ વિશે જાણીશું.

આજે દેવશયની એકાદશી છે અને શાસ્ત્રોમાં જણાવ્યાં પ્રમાણે દર વર્ષે અષાઢ શુક્લ અગિયારસ તિથિનાં દિવસે ભગવાન વિષ્ણુ નિંદ્રામાં પોઢી જાય છે. આથી આ અગિયારસ હરશયની કે દેવશયની અગિયારસનાં નામથી ઓળખાય છે. આ સમય દરમ્યાન કોઈ પણ શુભ કાર્ય કરવામાં નથી આવતું. બ્રહ્મવૈવર્ત પુરાણમાં જણાવ્યું છે કે દેવશયની અગિયારસ નિયમ પૂર્વક કરવાથી સઘળા પાપ નાશ પામે છે અને આપણી બધી ઈચ્છાઓ પૂર્ણ થાય છે.

આ અગિયારસ પાછળ પણ અમુક રસપ્રદ પૌરાણિક કથાઓ જોડાયેલી છે. એક કથા અનુસાર શંખચૂર નામના એક અસુર સાથે ભગવાન વિષ્ણુનું લાંબા સમય સુધી યુદ્ધ ચાલ્યું. અષાઢ શુક્લ અગિયારસનાં રોજ ભગવાન વિષ્ણુએ શંખચૂરનો વધ કર્યો અને ક્ષીર સમુદ્રમાં સૂવા ચાલ્યા ગયા. શંખચૂરથી મુક્તિ મળતાં દેવતાઓએ ભગવાન વિષ્ણુની ખાસ પૂજા-અર્ચના કરી હતી.

અન્ય એક કથા મુજબ વામન બનીને ભગવાન વિષ્ણુએ બલિ રાજા પાસેથી ત્રણ પગલાંમાં ત્રણ લોક પરનો અધિકાર મેળવ્યો હતો અને રાજા બલિને પાતાળમાં જતા રહેવું પડેલું. પરંતુ બલિની, ભક્તિ અને ઉદારતાથી ભગવાન વિષ્ણુનો મોહભંગ થયો. ભગવાને બલિને વરદાન માંગવા કહ્યું તો બલિ રાજાએ ભગવાનને કહ્યું કે તમે હંમેશા નરકમાં રહો ભક્તની ઈચ્છા પૂરી કરવા ભગવાન નરકમાં રહેવા ચાલ્યા ગયાં. આથી માતા લક્ષ્મી ઉદાસ થઈ ગયા.

ભગવાન વિષ્ણુને પાછા લાવવા માટે માતા લક્ષ્મી ગરીબ મહિલાનું રૂપ ધારણ કરી પાતાળમાં ગયા. લક્ષ્મીની આ ખરાબ હાલત જોઈ બલિ રાજાએ તેમને પોતાની બહેન બનાવી લીધી. લક્ષ્મી માતાએ બલિને કહ્યું જો તમે તમારી બહેનને ખુશ જોવા માંગતા હોય તો મારા પતિ ભગવાન વિષ્ણુને મારી સાથે વૈકુંઠમાં વિદાય કરો. બલિએ ભગવાન વિષ્ણુને પાછા વૈકુંઠ વિદાય કર્યા પણ એક વચન લીધું કે અષાઢ શુક્લ અગિયારસથી કાર્તિક શુક્લ અગિયારસ સુધી દરેક વર્ષ તેઓ પાતાળમાં નિવાસ કરશે. આથી આ ચાર મહિનામાં કોઈ શુભ કાર્યો કરવામાં આવતા નથી.

હવે આપણે આત્મચિંતન કરીએ કે આપણી હજારો-કરોડો વર્ષ જૂની પ્રાચીન સંસ્કૃતિમાં શાસ્ત્રોનાં આદેશ મારફત આપણને દર અગિયારસે એટલે કે દર ૧૫ દિવસે એકવાર ઉપવાસ કરવાની ભલામણ કરેલ છે. મોટા ભાગનાં લોકો ધાર્મિક માન્યતા અનુસાર તેનું પાલન કરે જ છે, પરંતુ તેમને પણ આ ઉપવાસની ભલામણ પાછળનાં શારીરિક અને આરોગ્ય વિષયક ફાયદાઓની પર્યાપ્ત જાણકારી નથી. પરંતુ જયારે આધુનિક વિજ્ઞાન અને પરદેશી વૈજ્ઞાનિકો કંઇક નવું સંશોધન કરે છે અને આ નવાં સિદ્ધાંતો આપણા શાસ્ત્રોમાં હજારો વર્ષ પૂર્વે વર્ણવેલા હોય એવું સાબિત થાય છે, ત્યારે આપણને આપણી પ્રાચીન સંસ્કૃતિનું મહત્વ સમજાય છે.

આજે વિજ્ઞાન કહે છે કે થોડા થોડા દિવસે ઉપવાસ કરવાથી ઓટોફાગીની પ્રક્રિયા મારફત આપણું શરીર ખરાબ થયેલ કોષો અને વધારાનાં પ્રોટીનનાં કોષોનું ભક્ષણ કરીને તેનો ઉપયોગ કરી નાખે છે, જેથી રોગ થવાની શક્યતા ઘટી જાય છે. સહુથી પહેલા તો આ 'ઓટોફાગી' શબ્દ શું છે એ સમજીયે. ઓટોફાગી, બે શબ્દ ઓટો અને ફેગીમાંથી મળીને બન્યો છે. તેનો અર્થ છે સ્વયંને ખાવું. ઓટોફાગી એટલે "કોષીય રીસાયકલીંગ સીસ્ટમ", એટલે કે "કોષ દ્વારાં પોતાની જાતનું જ ભક્ષણ." વધુ વિગતથી કહું તો મનુષ્યનાં શરીરનાં કોષો પોતાનાં શરીરનાં જ ક્ષતિગ્રસ્ત કોષો અને વધારાનાં પ્રોટીનનું ભક્ષણ કરે તે પ્રક્રિયા.

ઓટોફાગી એ કુદરતી પ્રક્રિયા છે અને તે ભૂખમરાની પરીસ્થિતિમાં કામ કરે છે. ૧૦થી ૧૨ કલાકનાં ઉપવાસ દરમિયાન કોશિકાઓ શરીરની ક્ષતિગ્રસ્ત અને ખરાબ કોશિકાઓને જાતે જ ખત્મ કરવા લાગે છે. આ સંશોધન મુજબ જો ઓટોફાગીની પ્રક્રિયા નિયમિત રીતે ન થાય તો મનુષ્યનાં શરીરમાં ક્ષતિગ્રસ્ત કોષોનું પ્રમાણ વધી જાય છે, જેને લીધે શરીરમાં અનેક રોગો પેદા થાય છે. આપણા ઋષિઓએ તો શરીરની તંદુરસ્તી સાથે મનની પણ ઉન્નતિ થાય તે માટે ઉપવાસ દરમ્યાન જપ, ભજન, ધ્યાન, પ્રાર્થના વગેરેની ગોઠવણ પણ કરેલી છે, જેનાથી મન શાંત થવાથી ઓટોફાગીની પ્રક્રિયા વધુ સારી રીતે થઈ શકે છે.

આમ શારીરિક તંદુરસ્તીની સાથે આધ્યાત્મિક પ્રગતિ પણ થાય તેવી અદભૂત ગોઠવણ કરનાર આપણા મહાન ઋષિઓની ઊંડી સમજ અને મન તથા શરીરનાં વિજ્ઞાનની સચોટ સમજણ માટે આપણે શીશ ઝૂકાવી પ્રણામ કરવા જ ઘટે. એ જમાનામાં આપણી દરેક સારી પ્રથા, સારા રીત-રિવાજો કે આચાર-વિચારની સારી પદ્ધતિઓને ધર્મ સાથે જોડી દેવામાં આવતી જેથી લોકો એને અનુસરે. પણ આજની પેઢીનો જયારે આપણાં ધર્મ કે સંસ્કૃતિમાંથી વિશ્વાસ ઉઠતાં જોઉં છું ત્યારે ખરેખર દુઃખ થાય છે.

હું એમાં આજની યુવા પેઢીનો વાંક જરાય નથી કાઢતી. મને આજની પેઢી ગમે છે કેમકે આ ખૂબ પ્રામાણિક પેઢી છે. હકીકતમાં તો આપણે જ ક્યાંક નિષ્ફળ ગયા છીએ પેઢી દર પેઢી એ વાતને સમજાવવામાં કે આપણાં કોઈ પણ પર્વ, ઉત્સવ કે વાર-તહેવાર અને ખાસ તો એ દિવસે રાખવામાં આવતા વ્રત કે ઉપવાસ પાછળ ખરેખર તો પર્યાવરણની કાળજી, પર્યાવરણમાં આવતા ફેરફારો મુજબ આરોગ્યલક્ષી હેતુ કે પછી વિજ્ઞાન જ જોડાયેલું છે.

૨૦૧૬માં જાપાની વૈજ્ઞાનિક યોશિનોરી ઓસુમીએ ઓટોફાગીની શોધ કરી હતી જે માટે તેમને નોબલ પુરસ્કારથી સન્માનિત કરાયા છે. જયારે આ વાત આપણા ઋષિમુનિઓ તો પરાપૂર્વથી કરતાં આવ્યાં છે. હકીકતમાં તો આપણે જ આપણો ભવ્ય ભૂતકાળ ભૂલી ગયા છીએ, પરંતુ જયારે વિદેશી વિદ્વાનો એમાંથી કંઇક સારાં તત્વો શોધી કાઢે છે ત્યારે આપણને એની મહત્તા સમજાય છે. આશા રાખુ કે આજની અને આવનારી પેઢી આપણા દરેક વાર-તહેવાર, ઉત્સવ કે પર્વને ઊંડાણથી સમજી એની સાથે જોડાયેલા વૈજ્ઞાનિક તથ્યો જાણીને એની ઉજવણી શ્રદ્ધાપૂર્વક કરે. આપ સહુને દેવશયની અગિયારસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ..!!

**- વૈભવી જોષી**




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૫ ગદ્ય, રચના

વિષય : " મોક્ષ - માયા,, પ્રાણ - પ્રકૃતિ " વિષયક રચનાઓ. દિવસ - ૨

www.janfariyadnews.com
Email: prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
Email : prdpraval42@gmail.com
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

NOG.SS.NO . 0001

વિષય :-- મોક્ષ -- માયા

પ્રકાર :-- ગદ્ય

શીર્ષક :-- " મોક્ષ એટલે શું ?"

કોઇ આપણને પુછે કે તમને સુખ ગમે કે દુઃખ ? તો કહીશું સુખ બરોબરને ? જીવનમાં સુખનો અનુભવ થયા પછી જો દુઃખનો અનુભવ થાય તો ગમતું નથી .આપણે હંમેશાં કાયમી સુખ શોધીએ છીએ .એ સુખ એટલે સનાતન સુખ કે જેમાં આપણને સંસારનું કોઈ જ દુઃખ સ્પર્શી ના શકે અને ત્યારે જ આત્માની મુક્તિ થઇ જાય એને જ મોક્ષ કહેવાય .

આપણે જીવતા જ સંપૂર્ણ મોક્ષ મેળવવો હોય તો આત્માના અજ્ઞાનથી મુક્ત થવું પડે .જ્યારે મુક્ત થઇએ ત્યારે જીવનમાં બધું સીધુ અને સરળ લાગશે , શાંતિનો અનુભવ થશે અને કર્મોથી મુક્તિ મળશે . મોક્ષ એટલે , " સંપૂર્ણ પણે મુક્તિ પામેલા આત્માઓનું કાયમનું નિવાસસ્થાન ."

મોક્ષ શાસ્ત્રો કે વેદ પુરાણથી નથી મળતો .અનુભવ જ્ઞાન થી મળે છે .આ જ્ઞાન અનુભવી પાસેથી જ મળે . " કાગળ પર દોરેલો દીવો પ્રકાશ નથી આપતો ." એક જ્ઞાની જ બીજાનાં જીવનમાં પ્રકાશ લાવી શકે છે . શાસ્ત્રો ભૂલો નહી બતાવે પણ પ્રત્યક્ષ જ્ઞાની જ આપણી ભૂલો બતાવી શકે .એટલે જ મોક્ષ જોઈતો હોય તો છેવટે જ્ઞાની પાસે જવું જ પડશે .

આપણાં જીવનમાં આપણે કોઈપણ ધર્મનું આચરણ કરતાં હોઈએ છીએ . નોકરી ધંધો કરીએ , લગ્ન કરીએ , બાળકો થાય , ઘરનું ઘર થાય આ બધું કરવા પાછળનો એક જ આશય હોય છે કે શાંતિ મળશે ! પણ ના , આમાં તો દુઃખ પણ સાથે જ આવે છે . જેટલાં કર્મો એટલાં દુખ પણ ખરા જ ! માટે જ આવા અજ્ઞાનથી મુક્ત થવા માટે આત્મજ્ઞાન જરૂરી છે .

મૃત્યુ પછીની મુક્તિ શું કામની ? શું ત્યારે મોક્ષ મળશે જ એવી ખાતરી ખરી ? ના ! તો પછી આપણે જીવતાં જ મોક્ષ માટેનાં કર્મો કરવા જોઇએ . આપણે આપણી જ ભૂલોને જોઈ શકીએ , સ્વીકારી શકીએ એ જ મોક્ષનું પહેલું પગથિયું છે .એની માટે આત્મજ્ઞાનની પ્રાપ્તિ ખૂબજ જરૂરી છે .આત્માને કોઈપણ રાગદ્વેષ વિના શુદ્ધ કરીને એટલું સ્વીકારીએ કે આ સ્થૂળ દેહ છે .તેનો નાશ નક્કી છે . આત્માજ પરમાત્મા સાથે લીન બને છે તેનું મૃત્યુ થતું નથી . તે અવિનાશી છે .આટલી સમજણ. સાથેની જો સિદ્ધિ પ્રાપ્ત થાય તો જ જીવતાં મોક્ષની અનુભૂતિ થઈ શકે છે .

અનંતકાળથી આપણે પોતે દેહ. સ્વરૂપે જ રહ્યા છીએ , પણ આ એક નશ્વર દેહ જ છે .એ મારો નથી પણ એમાં રહેલો આત્મા એ મારો છે જે મને પરમાત્મા સુધી લઈ જશે . આવી સમજ એટલે જીવતાં જ મોક્ષ !

પ્રદીપ રાવલ..સંચાલક

---

NOG SS No : 0077

વિભાગ:ગદ્ય/લેખ

શબ્દસંખ્યા:૩૫૦

શીર્ષક: પ્રાણ-પ્રકૃતિ. એક સિક્કાની બે બાજુ

પ્રાણ અને પ્રકૃતિ એકબીજાનાં પર્યાય છે. એકમાં ખલેલ પહોંચશે તો તરત જ બીજો રીએક્ટ કરશે.ખાસ તો પ્રકૃતિનું ખલેલ પ્રાણને વધું હાનીકારક છે.

પ્રાણ અને પ્રકૃતિ પંચમહાભૂતથી બનેલ છે.એ છે,

૧)અગ્નિ
૨)જળ
૩)વાયુ
૪)આકાશ
૫)પૃથ્વી

-જન્મ પૃથ્વી પર ધારણ કર્યો અને મૃત્યુ પછી એમાં જ સમાવિષ્ટ થઈશું.

-આકાશ આપણા સમગ્ર શરીરમાં વ્યાપ્ત છે ,એ સર્વ અંગોને અવકાશ પુરો પાડે છે.

-જળ તત્વ દ્વારા શરીરમાં લોહી પ્રવાહીરૂપે ફરે છે.

-અગ્નિએ શરીરના ખોરાકનું પાચન કરે છે,ભૂખ લગાડે છે,જઠરાગ્નિ પ્રદિપ્ત કરે છે.

-વાયુ તત્વએ શ્વાસ સ્વરૂપે પ્રાણવાયુ આપી જીવાડે છે.અને ઉચ્છશ્વાસરૂપે નીકળતો ઝેરી વાયુ, જેને વૃક્ષો શોષણ કરી પોતાનું જીવન ટકાવી રાખે છે.

આમ કહેવાનુ તાત્પર્ય એટલુંજ છે જેનાંથી આખી સૃષ્ટિનું સર્જન થયું એ જ પ્રકૃતિ મનુષ્યનાં શરીરમાં પણ સ્થિત છે.

આની વધતે ઓછે અંશે શરીરમાં વ્યાપકતા વ્યક્તિની પ્રકૃતિનું નિર્માણ કરે છે.

-પૃથ્વી તત્વ વધુ હોય તો એ વ્યક્તિ ઠરેલ અને ઠાવકી હોય છે.

-આકાશ તત્વની અધિકતા વ્યક્તિને નિખાલસતા, બહોળા પરિવેશમાં વિચારવાની ક્ષમતા,વિશાળ હ્રદય આપે છે.

-અગ્નિ તત્વથી ગુસ્સાવાળો સ્વભાવ ,આક્રમકતા અને ઝડપી ક્રીયાશીલતા રહે છે.

-જળ તત્વની પ્રધાનતા વ્યક્તિને અત્યંત મીલનસાર,હસમુખો અને હળીમળીને રહેનાર આકર્ષક વ્યકિત બનાવે છે

-વાયુ તત્વની પ્રધાનતાને કારણે વ્યક્તિ ઝડપથી પ્રગતિ કરે છે, નિર્ણયોમાં વારંવાર ફેરબદલી થયા કરે છે.કોઈનાં પણ પ્રભાવમાં ઝડપથી આવે છે.આવાં લોકો સરળતાથી મેસ્મરાઈઝ કરી શકાય છે.

તો મિત્રો ,કહેવાનું તાત્પર્ય એ જ છે કે જે પાંચ મહાભૂત જેને આપણે પ્રાણથી ઓળખીએ છીએ ,એનાંથીજ પ્રકૃતિનુંનિર્માણ શક્ય બન્યું છે.

બાકી તો પંચતત્વોનું અસંતુલન એ શરીરનું હોય કે પછી બ્રહ્માંડનું, એનાં લેખાજોખા કુદરત સતત કરતી જ હોય છે. એની મેળેજ તાળો મેળવી સઘળુંય સંતુલીત પણ કરીજ દેતી હોય છે.

શરીર માટે પ્રાણનું અસંતુલનએ નવા રોગો, બેક્ટેરીયા, વાયરસ કે ન સાંભળેલ બિમારીઓનો ભોગ બનાવે છે. કેન્સર,એઈડ્સ,ડિપ્રેશન અલ્ઝાઈમેર, ટી.બી,ચામડીનાં રોગો અને હવે કાળમુખો કોરોના એ વ્યક્તિની પ્રાણ ઉર્જાને ખલેલ પહોંચાડી ચૂક્યાં છે.

સુનામી,ધરતીકંપ,વાવાઝોડા,જ્વાળામુખી,દાવાનળ,ભુસ્ખલન કરી ,પ્રકૃતિ માનવજાત જોડેના હિસાબકિતાબ સમજી લે છે. આમ તો કહેવત છે કે પ્રાણ અને પ્રકૃતિ સાથે આવે અને સાથે જાય પણ હું યોગની થોડી ઘણી જાણકારીનાં આધારે એટલું ચોક્કસ કહી શકું કે ખુદની અંદર રહેલ પ્રાણને જો સમજી લઈએ તો ખુદની પ્રકૃતિમાં ફેરફાર કરી આ કહેવત સો ટકા ખોટી પૂરવાર કરી શકાય અને અનુભવ સિધ્ધ બાબત છે.

ઋતંભરા વિશ્વજીત ,ઋત્વિશ્વ

---

NOG SS NO . 0095

વિષય :-- પ્રકૃતિ

પ્રકાર :-- ગદ્ય

શીર્ષક :-- " કુદરત અને સ્વભાવ "

પ્રકૃતિનો એક અર્થ એટલે કુદરત અને બીજો અર્થ એટલે સ્વભાવ .

કહેવાય છે કે " પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય ." ઘણીવાર આંખે દેખાતું સત્ય ના પણ હોય તોય આપણને સ્વભાવગત માનવા માટે મન મજબૂર કરે અને ઘણીવાર સત્ય આપણાં મન ઉપર હાવી થાય અને અમુક પ્રકારનું વર્તન કરવા મજબૂર કરે .બંનેમાં વિરોધાભાસ છે , પણ સ્વીકારવું જ રહ્યું. ઘણીવાર લોકો આપણાં વર્તન , વાણી કે સ્વભાવની ઈર્ષ્યા કરીને આપણાં વિશે ખોટી વાતો ફેલાવે આપણે બધું જોઈએ , સમજીએ છતાંય આપણી પ્રકૃતિ મુજબ જ વર્તીશુ .પ્રકૃતિ આખરે માણસના વાણી , વર્તન કે વિચારોથી જ ઉદ્ભવે છે .કોઇ આપણા માટે ગમે તેટલું ઘસાઈ ચૂક્યું હોય એનો ગુણ જોવાને બદલે એના અવગુણ શોધવામાં જ સમય બગાડીએ છીએ .આવી છે આપણી પ્રકૃતિ .

પ્રકૃતિ એટલે કુદરત .પ્રકૃતિ ઈશ્વરની શ્રેષ્ઠ કૃતિ છે . ઈશ્વરનું પ્રતિનિધિત્વ કરતી આ પ્રકૃતિમાં ઈશ્વરનાં તમામ ગુણોના દર્શન થાય છે .જરૂર છે તો માત્ર એની અનુભૂતિ કરવા માટેની દ્રષ્ટિની . આપણે પ્રકૃતિને જાણી , માણી પણ શકીએ છીએ કારણકે એ ચેતનવંતી છે . સાંભળવા માટે કાન અને નીરખવા માટેની આંખો જોઈએ .પ્રકૃતિ તો પરમાત્મા સુધી પહોંચવા માટેની સીડી છે .

આજે એક નાનો એવો પ્રસંગ કહેવાનું મન થાય છે .એક સ્ત્રીએ એક સંતની ખૂબજ ભક્તિ આરાધના કરી. એકવાર એ સ્ત્રીએ સંત પાસે જઈને કહ્યું , " હું આપની પૂજા ભગવાનની જેમ કરું છું . મેં આપની છબી પર એક લાખ બીલીપત્ર ચડાવવાની માનતા રાખી છે , પણ હું જ્યાં રહું છું ત્યાં બીલીપત્ર મળતાં નથી . ઉનાળો આવી ગયો છે એટલે હવે બીલીનાં પાન પણ ખરી ગયા છે . પચાસ હજાર તો ચડાવી દીધાં છે પણ હવે શું કરું ?

સંતે કહ્યું હું ભગવાન નથી કે પર્ણો ઊગાડી શકું ! એક કામ કર બાકીનાં પચાસ હજાર ચીમટાં તારા શરીર પર ભર તારી માનતા પૂરી થશે . સ્ત્રી બોલી એ તો બહુજ પીડાદાયક બને ! બરોબર છે ." વૃક્ષ પણ એવી જ પીડા અનુભવતું હશે ને ?" માટે હંમેશાં એનાં પ્રતિ એટલાં ક્રુર ના બનો પણ એનું જતન કરો .

માટે જ મહાપુરુષો પોતાની દિવ્યશક્તિ અને દ્રષ્ટિ થી પ્રકૃતિ સાથે વાતો કરી શકતા હોય છે. પ્રકૃતિનું જતન કરવામાં જ પરમાર્થ રહેલો છે .

દીપિકા ચાવડા " તાપસી "

---

NOS SS No : 0055

વિષય : મોક્ષ માયા

પ્રકાર : ગદ્ય

શીર્ષક : "શિવોહમ્ "

શર્વરી પોતે કોઈ હિન્દુસ્તાની સાધુનું સંતાન હતી એવું તેની મા કહેતી હતી. માને મર્યા વર્ષો થયા પણ પોતે આજે જ્યારે ભૌતિકતાથી કંટાળી અને મનની શાંતિ માટે ભારત પાછી ફરી રહી હતી .. અતિશય વિલાસિતતા તેને એઇડ્સની પેશન્ટ બનાવી ચૂકી હતી..બસ, તેને જોઈતી હતી શાંતિ... મૃત્યુ પહેલાની શાંતિ....

દિલ્હી એરપોર્ટથી તે ટ્રેન દ્વારા હરિદ્વાર જઈ રહી હતી...તેના અંતિમ ગંતવ્ય તરફ... સાથે ઉપરની બર્થમાં રહેલા બાબા .. જાણે કોઈ દેવદૂત બની આવ્યા હતા. તેઓ પણ હરિદ્વાર જઈ રહ્યાં હતાં જેણે શર્વરીને હરિદ્વાર સુધી સાથ આપ્યો એટલું જ નહિ પણ પુત્રીવત પ્રેમ આપી આશ્રમમાં રહેવા વ્યવસ્થા પણ કરી...

ધીરે ધીરે જ્ઞાનના પડળ ખુલવા લાગ્યા અને આયુષ્યના પડળ બંધ થવા લાગ્યા અંતે એક દિવસે તે મા ગંગાની ગોદમાં સદા સુઇ ગઈ અને ઋષિ પિતાના હાથે અગ્નિ સંસ્કાર પામી એ મોક્ષ, શાંતિ પામી કે જેને માટે તે હજારો કિલોમીટરથી આવી હતી.....

શ્રદ્ધા ભટ્ટ...વાપી

---

NOG SS No : 104

પ્રકાર - ગદ્ય

શિર્ષક : મોક્ષ કે માયા ??(ચિત્ર પરથી લખાણ)

મુંબઇથી દિલ્હી રાજધાની ટ્રેનમાં મારા કંપાર્ટમેન્ટમાં બોરીવલીથી ત્રણ ચાર શિષ્યો સાથે મહારાજ ચઢ્યા.

હું આજુબાજુ જોતી હતી. સામેની બર્થ પર એક મધ્યમ ઉંમરનું કપલ અને એમની ટીનેજર દીકરી હતી. અને સાઈડની બર્થ પર નીચે અત્યંત આકર્ષક, સુંદર ફિગર ધરાવતી, મઘમઘતી , લગભગ પારદર્શક અને શોર્ટ કપડાઓમાં એક વિદેશી યુવતી અર્ધખુલા પગ સાથે નીચેની બર્થ પર બેઠી હતી. સામે એની એક પાછળ ભેરવવાની નાનકડી હિપ્પીઓ જેવી બેગ પડી હતી.

એ યુવતી મોબાઈલ અને વાયરલેસ હેડફોનથી કોઈ વિદેશી સંગીત પર ઝૂમી રહી હતી.

મહારાજના શિષ્યોએ આવીને મહારાજની ૪ બેગો અમારી સીટો નીચે ગોઠવી. શિષ્યોએ મહારાજને ઉપરની બર્થ પર ચઢાવવામાં મદદ કરી અને નમસ્કારની મુદ્રામાં ઉભાં રહ્યાં અને મહારાજની આજ્ઞાની રાહ જોતાં ઉભાં રહ્યાં. મહારાજે એક પણ શબ્દ બોલાવ્યા વગર માત્ર હાથ હલાવીને એમને પોતાના બર્થ પર જવા આદેશ આપ્યો.

ટ્રેન ચાલતી હતી. હું મારૂ મનગમતું પુસ્તક વાંચવા માંડી. સામેની ટીનેજર છોકરી પોતાના મોબાઈલમાં વ્યસ્ત હતી અને એનાં મમ્મી પાપા એમની સાંસારિક વાતોમાં મસ્ત હતાં. મહારાજે પોતાની બેગમાંથી માળા લઈને આંખો બંધ કરીને ફેરવવા માંડી.

મહારાજની પ્રતિભા અને વ્યક્તિત્વ એવું હતું કે કોઈ પણ અંજાઈ જાય. શુદ્ધ સફેદ વસ્ત્રો, તેજસ્વી મુખ. મને પણ એમનાં વિશે જાણવાની ઉત્કંઠા.

વારંવાર શિષ્યો ગુરુજીને નમ્ર ભાવે આવી આવીને સગવડ પૂછી જતાં હતાં . મારાથી ના રહેવાતા મેં સહજભાવે પૂછી લીધું.

" પ.પૂ.ધ.ધુ. શ્રી શ્રી ઓમકારેશ્વરજી, અત્યારે જ ધર્મ પરિષદમાં મુખ્ય સ્થાન શોભાવીને, લોકોને જ્ઞાનનું આશીર્વચન આપીને આવ્યાં છે. મુખ્ય આશ્રમ મથુરામાં છે. અને હરિદ્વાર, મુંબઇ ,ગોવા, કોલકાતા, કંચિપુરમ, ત્રિવેન્દ્રમ, ઇન્દોરમાં એમનો આશ્રમ છે. અને દેશના કેટલાયે મોટાં મોટાં મહાનુભવો એમનાં આશીર્વાદ માટે રાહ જુએ છે. આજે તમે ભાગ્યશાળી છો એમનાં દર્શનનો આજે તમને લાભ મળ્યો છે. " શિષ્યની વાતો સાંભળી હું અને મારી સામેનું કપલ અભિભૂત થઈ ગયું.

સામેનાં કપલમાંથી પુરુષે ઉભાં થઈને મહારાજના ચરણ સ્પર્શ કરવાનો પ્રયત્ન કર્યો. શિષ્યએ વિનમ્ર ભાવે એમને અટકાવીને દૂરથી જ વંદન કરવા કહ્યું. મેં પણ દૂરથી જ હાથ જોડીને મહારાજને વંદન કર્યા. મહારાજે અમને બધાંને આશીર્વાદ આપ્યાં.

હું મારી જાતને ધન્ય સમજતી હતી. એવી જ હાલત કંપાર્ટમેન્ટમાં હતી. એક અલ્લડ વિદેશી યુવતી અને મારી સામે બેઠેલી ટીનેજર યુવતીને કોઈ ફેર ન પડ્યો.

" મૈથેલી મહારાજને વંદન કર " એની મમ્મી એ રીતસર ટોકી. એટલે એ ટીનેજર છોકરીએ મહારાજ ને ઉભાં થઈને વંદન કર્યા.

ટ્રેન ચાલતી રહી. મહારાજ પોતાની ધ્યાન પૂજામાં વ્યસ્ત હતાં. પેલી વિદેશી યુવતી પોતાના સુંદર, કમનીય, અર્ધનગ્ન શરીર સાથે આખા ડબ્બામાં આંટા મારતી હતી અને અનેક પુરુષોને લલચાવતી હતી. મને જરાયે ન ગમ્યું.

"સાવ સંસ્કાર વગરની હોય છે આ વિદેશી યુવતીઓ, કપડાં પહેરવાની પણ સભ્યતા નથી. " હું મનમાં બોલી.

" સંસારનો દરેક વ્યક્તિ મોહમાયાથી ઘેરાયેલો છે. ધન, વૈભવ , સોનું, જમીન, સ્ત્રીઓ પાછળ બધાં જ પાગલની જેમ દોડી રહ્યાં છે. કશું જ સાથે નથી આવવાનું. મૃત્યુ પછી તો માત્ર પ્રભુની ભક્તિ કરી હશે એ જ કામમાં આવશે. એટલે જ જાગ્રત થઈને મોહમાયા ત્યાગીને પ્રભુ ભક્તિમાં ધ્યાન ધરો તો આ જન્મે મોક્ષ મળશે. અન્યથા કદીયે જન્મ જન્માનતરના ફેરામાંથી બહાર નહીં આવી શકો. ધર્મ ધ્યાન કરો અને આ જીવનમાં પ્રભુને પામવાનો પ્રયત્ન કરો.

સવારે બ્રહ્મ મુહૂર્તમાં ઉઠીને પ્રભુ પૂજા અને આખાં દિવસમાં ૫ સારાં મુહૂર્તમાં પ્રભુનું ધ્યાન ધરો, વિકૃત આહાર ત્યાગો, સાદું જીવન જીવો, પુરુષો બ્રહ્મચર્ય પાળે તો પુણ્ય મળશે અને એ જ પુણ્ય આવતાં જન્મે કામ આવશે. "

" પ્રભાવશાળી વાણીમાં મહારાજે વંદન કરવા ડબ્બામાં ભેગી થયેલી ભીડને આશીર્વચન આપ્યાં.

હું મનોમન મહારાજને વંદન કરી રહી. મહારાજ પાસે જ્ઞાનનો ભંડાર હતો.

"એમણે લગ્ન ના કરીને આજીવન બ્રહ્મચર્યનું વ્રત પાલન કર્યું છે, એમનાં શિષ્ય થવાનું ભાગ્ય બહુ ઓછાને મળે છે. મહારાજ પોતાની સાથે બેગમાં સાધના માટેનું આસનથી લઈને , પુસ્તકો, કપડાંઓ, પૂજાનો સામાન, નાનકડી મૂર્તિ, ગંગાજળ લઈને જ નીકળે છે. દરરોજ બધું ગંગાજળથી પવિત્ર કરીએ છીએ. મહારાજની એક એક વસ્તુ અમૂલ્ય અને પવિત્ર છે." એક શિષ્યએ કહ્યું.

મહારાજે શિષ્યને ઈશારો કર્યો. અને શિષ્યએ બેગમાંથી પ્રભુની સુંદર મૂર્તિ કાઢીને એક નાનકડી તાંબાની થાળીમાં મૂકીને પૂજા સામગ્રી, દૂધ ,પાણી સાથે આપી અને મહારાજે ધીમે ધીમે ભાવપૂર્વક પ્રભુની પૂજા શરૂ કરી. એમનું આ રોજની પ્રભુ સેવા હશે એવું લાગ્યું. એમની પૂજા લાંબી ચાલશે એવું લાગ્યું.

અચાનક સામે બેઠેલી મૈથેલી બેચેન થઈ ઉઠી. એ અને એની મમ્મી ઝડપથી બેગમાંથી કઈંક શોધવા લાગ્યાં. પણ ન મળતાં એની મમ્મી લગભગ ગુસ્સેથી મોટા અવાજે બોલી " કેટલી વાર કહ્યું હતું કે સેનેટરી પેડ બેગમાં રાખજે, ક્યારે સમજણ આવશે તને, હવે શું કરીશું " ડબ્બામાં વાતાવરણ અચાનક ગંભીર થઈ ગયું. હું એ ઈમરજન્સી સમજી ગઈ પણ મારી પાસે પણ પેડ ન હતું.

એની મમ્મીએ રીતસર મૈથેલીને ખેંચી અને ડ્રેસ ચેન્જ કરવા રેલ્વેનાં ટોયલેટ તરફ હાથ પકડીને લઈ જવા મંડી. વચ્ચેની ચાલવાની જગ્યામાં ફેરિયો અને મહારાજના શિષ્ય હતાં એટલે ઉઠીને જતાં મૈથેલી જરા ઉપરની બર્થને સામે ટેકો લઈને ઉભાં રહેવાનો પ્રયત્ન કર્યો. એમાં ભૂલથી એનો હાથ મહારાજના પગને સ્પર્શી ગયો.

મહારાજની પૂજા ભંગ થઈ અને એમનાં ચેહરાના ભાવ બદલાઈ ગયા. શિષ્ય વિહ્વળ થઈ ગયાં.

" કુલટા , અસંસ્કારી , ભાન નથી પડતી, કેવા સંસ્કાર આપ્યાં છે માતા પિતાએ? મારે હવે નહાઈને શુદ્ધ થઈને આખાં દિવસની પૂજા ફરીથી કરવી પડશે, અભડાવી દીધો મને " મહારાજે સાતમાં આસમાનના ગુસ્સા સાથે કહ્યું.

ગભરાઈને મૈથેલી, અને એનાં મમ્મી પાપા "માફ કરો, ભૂલ થઈ ગઈ " કરતાં હાથ જોડવા લાગ્યાં. પણ શિષ્ય અને ગુરુજીનો ગુસ્સો ફાટી પડ્યો. અનેક શ્રાપ અને કાળવાણી એમનાં મુખમાંથી ધાણીની માફક ફૂટતી હતી.

" મૈથેલી એ મોટું પાપ કરી નાખ્યું " એની મમ્મી બોલી.

અત્યાર સુધી પોતાની દુનિયામાં મસ્ત એવી અર્ધનગ્ન યુવતી ઉભી થઈ, પોતાની બેગ ખોલીને એમાંથી એક સેનેટરી પેડ કાઢીને એણે મૈથેલીને આપ્યું. એણે મોબાઈલ સાઈડ પર મુક્યો. એમાંથી ઇસ્કોનના મધુર ભજનોની સુરવાલી રેલાઈ રહી હતી.

" મહારાજ, જે બાબત તમને અભડાવનારી લાગે છે , એ વ્યવસ્થા પ્રકૃતિએ કરી છે. અને તમારી 'મા' પણ આ જ પરિસ્થિતિમાંથી કેટલીએ વાર પસાર થઈ હશે ત્યારે તમે આજે આ જ્ઞાન વાણી બોલી શકો છો. પ્રકૃતિએ કદી ભેદ નથી કર્યો તો તમે કેમ કરી શકો?

સ્ત્રીને શક્તિ સ્વરુપે સ્વીકારો અને માન આપો, એની સાથેની આ કુદરતી વ્યવસ્થાને સહજ ભાવે સ્વીકારો. પૂજા અને ધ્યાનને બદલે કોઈનું સારું કર્મ કરો એ જ સાચું સુખ, સ્વર્ગ અને એ જ મોક્ષનો રસ્તો છે.

જ્યાં સુધી સ્ત્રી , પ્રકૃતિ, શક્તિનું સન્માન ન કરો ત્યાં સુધી કદાચ તમારે અનેક જન્મો મોક્ષ મેળવવા લેવા પડશે મહારાજ . "

શુદ્ધ હિન્દી અને સંસ્કૃતમાં એક વિદેશી યુવતી વર્ષોથી સમય મળ્યે ભારતીય હિન્દૂ સંસ્કૃતિનાં સન્માન માટે, સેવા માટે, માત્ર એક નાનકડો થેલો લઈને આવતી અમેરિકાની એન્જલિનાને બોલતી જોઈને હું લગભગ આભી થઈ ગઈ.

મહારાજ અને શિષ્યોની બોલતી બંધ થઈ ગઈ. મૈથેલીને લઈને એની મમ્મી ટોયલેટ તરફ ગઈ. વંદન કરીને એન્જલિના ફરીથી કૃષ્ણ ભજન સાંભળવામાં મગ્ન થઈ ગઈ.

મારી તમામ ધારણાઓ ભગ્ન થઈ ગઈ. મોક્ષનો સાચો રસ્તો મળી ગયો. એક બેગ વાળી એન્જેલીના આજે ધર્મ ધુરંધર મહારાજને અને મને મોક્ષનો રસ્તો બતાવી ગઈ.

દિપાલી લીમકર "દીપ",અબુધાબી

## શ્રી સાર્વજનીક ગણેશ મહોત્સવ સમિતિની સામાન્ય સભા સરકીટ હાઉસ ગાંધીનગર ખાતે મળી



શ્રી સાર્વજનીક ગણેશ મહોત્સવ સમિતિના અધ્યક્ષ શ્રી નિશીત વ્યાસ ના અધ્યક્ષપદે ૫૭ વર્ષના ગાંધીનગરને એક આગવી ઓળખ અપાવનાર ૫૧ વર્ષથી સતત ઉજવાતા લોકપ્રિય શ્રી ગણેશોત્સવની ઉજવણી માટે શ્રી સાર્વજનીક ગણેશ મહોત્સવ સમિતિના સર્વ કારોબારી સભ્યો અને ભાવિક ભક્તોની વાર્ષિક સામાન્ય સભા ૫૨ (બાવન) માં વર્ષ માં પ્રવેશી રહેલા ગણેશોત્સવની ઉજવણી ની ચર્ચા કરવા તા. ૧૭/૦૭/ ૨૦૨૧ શનિવારના રોજ સરકીટ હાઉસ ગાંધીનગર ખાતે મળેલ હતી. મિટીગ માં કોરોનાના કપરા કાળમાં સંપૂર્ણ સોશિયલ ડીસ્ટન્સીંગ , સેનેટાઇઝેશન ના સર્વ નિયમોની કાળજી રાખવામાં આવેલ હતી. શ્રી સાર્વજનીક ગણેશ મહોત્સવ સમિતિના અધ્યક્ષ શ્રી નિશીત વ્યાસે પ્રારંભિક પ્રવચન માં ગાંધીનગર શહેર પર અને ગાંધીનગરની ભાવીક, ધર્મપ્રેમી જનતા પર દાદાની કૃપાદષ્ટિ રહે ,અને સર્વના કલ્યાણ હેતુ , આરોગ્ય , ઐશ્વર્ય, સુખાકારીની અભ્યર્થના સાથે પ્રાર્થના કરવા માટે અપિલ કરી હિસાબો રજુ કર્યા હતા , જે સર્વસંમતિ થી મંજૂર કરવામાં આવેલ હતા. આ વખતે પણ ગયા વર્ષ ની જેમ ગાંધીનગર ખાતે સેક્ટર-૨૨ ના રંગમંચ પર પરંપરાગત રીતે ભગવાનશ્રી ગણેશજી નું સંપુર્ણ શાસ્ત્રોક્ત વિધી પુર્વક સ્થાપન કરવા તેમજ સરકારની ગાઈડલાઈ મુજબ કાર્યક્રમ યોજવા માટે જરુરી સરકારી પરવાનગી નિયમાનુસાર લેવાનું નક્કી થયેલ હતું.

ત્યાર બાદ આદરણિય શ્રી અરુણભાઇ બુચે આશિર્વચન આપ્યા હતા તેમજ ગાંધીનગર જીલ્લા મહાનગર પાલીકાના વિરોધ પક્ષના નેતા શ્રી શૈલેન્દ્રસિંહજી બીહોલાએ , ડૉ. ચેતનાબેન બુચ , શ્રી મનોજભાઇ શુક્લ , શ્રી મનોજભાઇ લેકિનવાલા એ નિશીત ભાઇ વ્યાસની રજૂઆતને અનુમોદન આપેલ હતું અને તેમના વિચાર રજુ કર્યા હતા.

સામાન્ય સભામાં ગાંધીનગરના અગ્રણી નાગરીકો હાજર રહેલા હતા.

શ્રી ચીમનભાઇ વિંઝુડા , રાજેન્દ્ર ચાવડા, રાજુભાઇ પ્રજાપતી , લીલાબેન ઠાકોર , વૈભવ જાની , મિતુલ જોષી , અરુણ પરીખ , શ્રીમાળી , અશ્વીન ટાપરિયા , માનાજી મારવાડી , હનીફ શેખ અને ભવ્યાબેન હાજર રહેલા હતા અને કોરોનાના કપરા કાળમાં આ પારંપરિક લોકોત્સવની ઉજવણી અંગે પોતાના વિચારો રજુ કર્યા હતા. મિટીગ ની પૂર્ણાહિતી માં કોવીડ-૧૯ ના પ્રથમ અને દ્વિતિય વેવ દરમ્યાન દુ:ખદ નિધન થયેલ દિવંગત દિવ્યાત્માઓ ના આત્મા શાંતિ માટે અને તેમના પરિવારજનો ને તેમના પર આવી પડેલી વિકટ પળનો સામનો ધીરજ પૂર્વક હિંમત થી કરવાની શક્તિ પરમકૃપાળુ પરમાત્મા આપે તેના માટે પ્રાર્થના કરવા માં આવેલ હતી .

## ચાણસ્મા નગરપાલિકા દ્વારા વારંવાર જર્જરિત મકાન માલિકોને નોટિસ આપવા છતાં આંખ આડા કાન




અત્યારે ચાલી રહેલી ચોમાસાની ઋતુમાં પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકા મથકે આવેલ અમુક મકાનો પડવાના વાંકે ઉભા રહ્યા છે ત્યારે નગરપાલિકા દ્વારા નોટીસ આપવા છતાં પણ મકાન માલિકો દ્વારા કોઈ પણ મકાન ઉતરવાની તસ્દી લેતા નથી

નગરપાલિકા થી મળતી માહિતી મુજબ પાટણ જિલ્લાના તાલુકા મથક ચાણસ્મા ખાતે આવેલ કેટલાક એવા મકાનો છે કે જે પડવાના વાંકે ઉભા રહ્યા છે ત્યારે નગરપાલિકા દ્વારા વારંવાર મકાન માલિકોને નોટિસ ફટકારવામાં આવી રહી છે તેમ છતાં કોઈપણ પગલા લેવાતા ન હોય નગરપાલિકા લાલ આંખ કરે તો કોઈ નવાઈ નહી ચાણસ્મા શહેર ની અંદર આવેલ દસથી બાર મકાનો જર્જરિત હાલતમાં જણાઈ આવ્યા છે ત્યારે અત્યારે ચાલી રહેલી ચોમાસાની ઋતુમાં જો જર્જરિત થાય તો મકાન માલિકોને ભારે નુકસાન પહોંચી હોય સ્થાનિક નગરપાલિકા દ્વારા નોટિસ પણ ફટકારવામાં આવી છે ત્યારે આ બાબતે મકાન માલિકો દ્વારા યોગ્ય પગલા લઈ મકાન ઉતારી લે તેવું નગરપાલિકાની એક પ્રેસનોટ માં જણાવ્યું હતું નિખિલ જોશી પાટણ

## શોધું છું.

તારી યાદોં ના આવે એવી પળ શોધું છું.
હું મારી આંખે વાવેલી ખળખળ શોધું છું.
ઘોર્યા છે તારાં કિસ્સાના ગાઢા અંધારા,
યાદોં લાવે એ છાનાં ઝળહળ શોધું છું.
આ એકાંતોમાંથી કોણ બહાર મને કાઢે,
દરિયા સાતે ફાટી જ પડે એ તળ શોધું છું.
મઝધારે લૂંટાયો, ના કો' દીશાનો રાખ્યો,
કાણી નૈયા લઈ સંસારે અંજળ શોધું છું.
ભૂલી આઘાતો,પીડાઓ વેઠું રાત-દિવસ,
ભાડૂતી સપનાંના સોનેરી સળ શોધું છું.



નારણ મકવાણા

## પીવાના પાણીની સુવિધાને લીધે પાણીનો ઉપયોગ કરનાર લોકોની આરોગ્ય-જનસુખાકારી જળવાશે

# રાજપીપલા ખાતે જિલ્લા સેવા સદનમાં રૂા.૮ લાખના ખર્ચે જન સેવા કેન્દ્ર સહિત ૮ જેટલાં એક્વા પ્યુરી ફાયર-વોટર કુલરની સુવિધા ખૂલ્લી મૂકાઇ

રાજપીપલાતા ૧૯

નર્મદા જિલ્લા કલેક્ટર ડી.એ.શાહના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહિવટીતંત્ર દ્વારા જિલ્લા કલેક્ટરાલય સહિત જિલ્લા કલેક્ટરના નિવાસસ્થાન ખાતેના કાર્યાલય વગેરે માટે હાથ ધરાયેલા વોટર સેનિટેશન પાયલોટ પ્રોજેક્ટ અન્વયે આજે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી પર્યુષાબેન વસાવા, રાજપીપલા નગરપાલિકાના પ્રમુખ કુલદિપસિંહ ગોહિલ અને જિલ્લા કલેક્ટર ડી.એ.શાહ, નર્મદા સુગર ફેક્ટરી અને ભરૂચ દુધધારા ડેરીના ચેરમેનઅને જિલ્લાના અગ્રણી ઘનશ્યામભાઇ પટેલ, શહેરના અગ્રણી રમણસિંહ રાઠોડ,રાજેન્દ્રભાઇ પટેલ અને નીલ રાવ સહિત જિલ્લાના પાણી પુરવઠા અને માર્ગ-મકાન વિભાગના ઇજનેર ઓ વગેરેની ઉપસ્થિતિમાં કલેક્ટરાલયના જન સેવા કેન્દ્ર સહિત કુલ-૮ એકવા પ્યુરી ફાયર-વોટર કુલરની સુવિધા ખૂલ્લી મુકવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનિય છે કે, નર્મદા જિલ્લા સેવા સદન ખાતે ગ્રાઉન્ડ ફલોરમાં કાર્યરત જન સેવા કેન્દ્ર ખાતે આવતા મુલાકાતીઓ માટે પણ વોટર કુલરની અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે. જિલ્લા સેવા સદન ખાતે આ આઠ વોટર કુલર પૈકી પાંચ નવા વોટર કુલર ઉપરાંત ત્રણ જૂના વોટર કુલરને દુરસ્તી સાથે પુનઃ કાર્યાન્વિત કરવામાં આવ્યાં છે. જિલ્લા સેવા સદનમાં કલેક્ટર કચેરી સહિત જુદી જુદી ૩૪ જેટલી કચેરીઓના આશરે ૨૦૦ થી ૩૦૦ જેટલાં અધિકારીશ્રીઓ-કર્મચારીશ્રીઓ તેમજ રોજના અંદાજે ૧૦૦ થી ૨૦૦ જેટલાં આવતા મુલાકાતીઓ માટે આ સુવિધા મારફત ૩૫૦ થી ૫૦૦ જેટલાં TDS વાળા પાણીની સુવિધા ઉપલબ્ધ થવાથી લોકોની આરોગ્ય અને જનસુખાકારી પણ જળવાઇ રહેશે. આ અગાઉ જુદી જુદી કચેરીઓ દ્વારા રોજે રોજ મિનરલ વોટર પાણીના જગ માટે થતા વાર્ષિક આશરે ૧૦ લાખ રૂપિયાના ખર્ચની પણ હવે બચત થશે. આગામી સમયમાં બોરવેલના પાણીના બદલે જીતનગરથી પસાર થતી લાઇનમાંથી અલગથી નવીન ડેડીકેટેડ પાણીની પાઇપ લાઇનથી તેનું જોડાણ સીધુ જ કલેક્ટર કચેરીમાં તથા કલેકટર નિવાસ સ્થાનમાં અંદર ગ્રાઉન્ડ વોટર સમ્પ સાથે કરવામાં આવશે. જેથી કરજણ ડેમનું કલોરીનેશન સાથેનું યોગ્ય TDS વાળું શુધ્ધ પાણી મળી રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ સુવિધા અગાઉ પીવાના પાણીની જુની પધ્ધતિ મુજબ દર વર્ષે અંદાજિત રૂા.૧૦ લાખના ખર્ચ મુજબ પાંચ વર્ષના અંદાજે રૂા.૫૦ લાખ થાય છે, જયારે વોટર સેનીટેશનના આ પાયલોટ પ્રોજેકટની સમગ્ર કામગીરી અંદાજે રૂા.૮ લાખના ખર્ચે પૂર્ણ થયેલ છે અને પાંચ વર્ષ માટે નિભાવ કોન્ટ્રાકટ (AMC) રૂા.૨ લાખમાં થનાર છે. એટલે અંદાજે કુલ રૂા.૧૦ લાખના ખર્ચ સામે હવે પાંચ વર્ષમાં રૂા.૪૦ લાખની બચત થશે.



માત્ર ૧૫ દિવસના ટૂંકાગાળામાં જ લાંબાગાળાના આયોજન સાથે પૂર્ણ થયેલી આ નમૂનારૂપ કામગીરી માટે વાસ્મોના કાર્યપાલક ઇજનેરશ્રી વિનોદ પટેલ, માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રી આઇ.વી.પટેલ, કલેકટરાલયના જનસંપર્ક અધિકારીશ્રી એચ.કે.ગઢવી અને ઇન્ચાર્જ નાયબ મામલતદારશ્રી જે.એસ.જોષી વગેરેએ જિલ્લા કલેકટરશ્રી ડી.એ.શાહના માર્ગદર્શન હેઠળ ભારે જહેમત ઉઠાવી હતી. જિલ્લા સેવા સદનમાં જન સેવા કેન્દ્ર ખાતે વોટર કુલર સાથે ખૂલ્લી મુકાયેલી પીવાના પાણીની સુવિધા બાદ માધ્યમો સાથેના સંવાદમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી પર્યુષાબેન વસાવાએ જણાવ્યું હતું કે, સરકારી કચેરીઓના ૨૦૦ થી ૩૦૦ જેટલાં કર્મચારીઓ અને સેવા સદન ખાતે ૧૦૦ થી ૨૦૦ લોકો-મુલાકાતીઓ આવતા હોય છે તેમને પણ આ સુવિધા મળી રહેશે. આ અગાઉ અંદાજે વાર્ષિક રૂા.૧૦ લાખ જેટલો ખર્ચ થતો હતો, જયારે આ જે વ્યવસ્થા કરવામાં આવી છે તે ફક્ત ૮ લાખ રૂપિયાનાં ખર્ચથી સુવિધા કરવામાં આવી છે એના કારણે વાર્ષિક જે રૂા.૧૦ લાખ ખર્ચ થતો હતો તેમાં પણ બચત થશે અને પાંચ વર્ષ માટે મેઇન્ટેનન્સના ભાગરૂપે રૂા.૨ (બે) લાખ જેવો ખર્ચ થશે. આ જે સુવિધા આપવામાં આવી છે એના લીધે ખરેખર આ લોકોને-કર્મચારીઓને સ્વાસ્થ્યની રીતે પણ ખૂબ જ સારૂં રહેશે, તેમ જણાવી જિલ્લા કલેક્ટરશ્રી ડી.એ.શાહ માટે તેમણે ઉક્ત સુવિધા ઉપલબ્ધિ માટે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# માણાવદરમાં શ્રી રાજપૂત કરણી સેનાનું આગમન સેનાના વિવિધ હોદ્દા ઉપર આગેવાનોની નિમણૂંક કરવામાં આવી



પદ્માવતી ફિલ્મ સામેના વિવાદમાં મોટા પ્રમાણમાં પ્રકાશમાં આવેલી ક્ષત્રિય સેના ×કરણીસેના×દિવસે દિવસે રાજસ્થાન રાજ્ય માંથી પ્રસરી વિવિધ રાજ્યોમાં પોતાના સંગઠનો વિકસાવી રહી છે અને દરેક રાજયના જિલ્લા તાલુકાના ગામોમાં પોતાનો પગપેસારો કરીને સેનાના હોદેદારોની નિમણૂકો કરી રહી છે. આ અંતર્ગત આજ રોજ ગુજરાત રાજ્ય કરણી સેનાના અધ્યક્ષ જે.પી. જાડેજા ના નેતૃત્વ નીચે માણાવદર રાજપૂત સમાજ ખાતે એક મિટિંગ મળી હતી મિટિંગમાં કોરોના ની ગાઈડલાઈન નું પૂરેપૂરું પાલન કરવામાં આવ્યું હતું. આ મિટિંગમાં તાલુકાભરના ક્ષત્રિય સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા આ મીટીંગમાં ચર્ચા વિચારણાના અંતે માણાવદર તાલુકા કરણી સેનાની વરણી કરવામાં આવી હતી.માણાવદર તાલુકા શ્રી રાજપુત કરણી સેનાના અધ્યક્ષ તરીકે ક્ષત્રિય યુવા અગ્રણી અને આમજનતાના મસિહા-મદદગાર તરીકે ઓળખાતા મહેન્દ્રસિંહ નિર્મળસિંહ ચુડાસમા (મેહુલસિંહ) ની સર્વાનુમતે વરણી થઈ હતી.ઉપાધ્યક્ષ પદે રાજભા જોરૂભા ચાવડા, પ્રભારી તરીકે બીજરાજ સિંહ પ્રદ્યુમનસિંહ, તથા મહામંત્રી તરીકે નરેન્દ્રસિંહ ભીખુભા ઝાલા, મંત્રી તરીકે ભરતસિંહ મહિપતસિંહ ચુડાસમા તેમજ સંરક્ષક હોદ્દા ઉપર વિક્રમસિંહ મનુભા ચાવડા અને સહરક્ષક પદ ઉપર પૃથ્વીરાજસિંહ ઝાલા નિમણુંકો કરવામાં આવી હતી. માણાવદર તાલુકામાં ક્ષત્રિય રાજપૂત સમાજના લોકોને બોહળી સંખ્યા આવી છે તેના અનુસંધાને જ ગુજરાત રાજપૂત કરણી સેના અધ્યક્ષ જે.પી. જાડેજાએ માણાવદરની મુલાકાત લઈ આ તાલુકામાં કરણી સેનાની સ્થાપના કરી છે. આ મિટિંગમાં જૂનાગઢ જિલ્લાના રાષ્ટ્રીય રાજપુત કરણીસેના અધ્યક્ષ ધર્મેન્દ્રસિંહ વાઘેલા, પ્રભારી જયદીપસિંહ સરવૈયા, મંત્રી હરપાલસિંહ અજયસિંહ પરમાર, ઘનશ્યામસિંહ વાઘેલા, વિશ્વરાજસિંહ જાડેજા, ભવાનીસિંહ રાયજાદા, જીતેન્દ્રસિંહ સોલંકી વગેરે ઉપસ્થિત રહ્યા હતા

તસવીર અહેવાલ- જીગ્નેશ પટેલ માણાવદર

# માણાવદરના રસાલા ડેમના દરવાજા તોડી પડાતા અરબો ગેલન પાણીનો દુર્વ્યયઃ અરવિંદભાઈ લાડાણી



માણાવદરમાં છેલ્લા ત્રણ દાયકાથી પીવાના પાણી માટેની કટોકટી છે અહીંના કોઈ પણ નેતા-મંત્રી આ શહેરને પાણીની સુવિધા આપવા માટે આગળ આવ્યા જ નથી શહેરને પાંચ-છ દિવસે પાણી વિતરણ કરવામાં આવે છે એ ચોમાસું હોય કે ઉનાળો અથવા શિયાળો હોય અહીંની જનતા પાણીને કારણે ભારે દુઃખી છે.ઘણીવાર તો ૮ કે ૧૦ દિવસે પાણી અપાય છે અહીં શહેરની ૩૫ હજારની જનતાને પાણી પૂરૂ પાડી શકે તેવો કોઈ ડેમ કે કાયમી સ્ત્રોત નથી.આવી કટોકટી વચ્ચે પાણી સંગ્રહિત કરતા રસાલા ડેમમાં પુષ્કળ વરસાદ થતાં પાણી સંઘરાયુ હતું પણ કેબિનેટ મિનિસ્ટર એ કરોડો રૂપિયાના ખર્ચે મંજૂર કરેલો રિવરફ્રન્ટ બચાવવા (જોકે રિવરફ્રન્ટ શરૂ થયું નથી) ડેમના દરવાજા તોડી પડાતા ડેમમાં ભરાયેલ અરબો ગેલન પાણીનો દુર્વ્યય થયો છે જો આ પાણી ભરાયેલું રહ્યું હોત તો આજુબાજુના કુવાના ખેતરોના બોર તથા ગામના કુવાઓમાં પાણી રહેતું હતું. હવે ખેડૂતોને એ લાભ નહીં મળે નેતાજીએ મળતો લાભ પણ ઝૂંટવી લેતાં લોકો મંત્રી તરફ રોષે ભરાયા છે

જૂનાગઢ જિલ્લા પંચાયતના સભ્ય અરવિંદભાઈ લાડાણીએ પણ આ અંગે જણાવ્યું છે કે ૧૭મીએ ખૂબ જ વરસાદ પડતા ડેમમાં પુષ્કળ પાણી ભરાયું હતું પણ આ રસાલા ડેમના દરવાજા તોડી પડાતા બધું જ પાણી વેડફાઈ ગયું છે હવે માણાવદર તથા આસપાસના ખેતરો તથા ગામડાઓને તેનો લાભ નહીં મળે. ભાજપના કરતૂતથી લોકો ખફા થયા છે આ દરવાજા કોના હુકમથી તોડી પડાયા છે? દરવાજા તોડી નાખવા અગાઉથી કોઈની મંજૂરી લીધી હતી? આની તપાસ કરવા જૂનાગઢ જિલ્લા પંચાયતના સભ્ય અરવિંદભાઈ લાડાણીએ મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે હાલ ચોમાસાને કારણે રિવરફ્રન્ટની કામગીરી થઈ શકશે નહીં માટે આ ડેમના તોડી પાડેલા દરવાજા ફરીથી ફીટ કરી ડેમમાં પાણી ભરાઈ રહે તેવી માંગણી લોકોએ કરી છે. માણાવદર ને રિવરફ્રન્ટની નહીં પાણીની જરૂર છે શું ભાજપ પાણી આપી શકશે? તેવા પ્રશ્નો લોકોમાંથી ઉઠી રહ્યા છે. રસાલા ડેમના દરવાજા તાત્કાલિક બંધ કરવા અરવિંદભાઈ લાડાણીએ માંગણી કરી છે

તસવીર અહેવાલ -જીગ્નેશ પટેલ માણાવદર






**કોરોના કાળ મા કોરોના વોરિયર્સ સેવા બદલ ઈઇન્ડિયન-લાઇન-એચિવર. રાજકોટ દ્વારા આજે બ્રહ્મ સમાજ યુવા અગ્રણી નિશ્ચલ જોશીનુ .. શાળા નંબર ૯૩ ના પ્રિન્સિપાલ વનીતાબેંન રાઠોડ મેમ અને શિક્ષણ સમિતિ ના ચેરમેન અતુલ પંડિત સર દ્વારા સન્માન કરવામાં આવ્યું .**

## નર્મદાના તિલકવાડા તાલુકામાંમા આભ ફાટ્યું

# તિલકવાડા તાલુકામાં પાંચ ઈંચ વરસાદ ખાબકતા તિલકવાડા મા જલબમ્બાકાર

રાજપીપલા, તા ૧૯

નર્મદા જિલ્લા મા ચોમાસાનો વિધિવત પ્રારંભ થયો છે. જેમાં

નર્મદાજિલ્લાના તિલકવાડા તાલુકામાંમા આભ ફાટ્યુંહતું.૨૪ કલાકમા તિલકવાડા તાલુકામાં પાંચ (૫)ઈંચ,૧૧૯મિમિ વરસાદ ખાબકતા તિલકવાડા મા જલબમ્બાકારની સ્થિતિ સર્જાઈ છે જયારે ડેડીયાપાડા મા સાડા૯૦મિમિ,ત્રણ ઇંચ, ગરુડેશ્વર ૪૬મિમિ અને નાંદોદ મા ૫૬મિમિ સાથે બબ્બે ઈંચ વરસાદઅને સાગબારા મા૩૭મિમિ દોઢ ઈંચ વરસાદની હેલી થી નર્મદામા શ્રીકાર વર્ષાથઈ છે.



આમ, નર્મદા જિલ્લામાં આજે સરેરાશ વરસાદ ૭૦મિમિ અને કુલ-૩૪૮ મિ.મિ.વરસાદ નોંધાયોછે

જિલ્લામાં ચાલુ વર્ષના મોસમના કુલ વરસાદની આજદિન સુધીની પરિસ્થિતિ જોઇએ તો તિલકવાડા તાલુકો-૪૨૪મિ.મિ. વરસાદ સાથે જિલ્લામાં મોખરાનાં સ્થાને રહ્યો છે. જ્યારે ડેડીયાપાડા તાલુકો ૩૭૭મિમિ સાથે બીજા ક્રમે તેમજ નાંદોદ તાલુકો-૨૯૨ મિ.મિ.સાથે ત્રીજા ક્રમે ,ગરૂડેશ્વર તાલુકો-૧૮૫ મિ.મિ., અને સાગબારા તાલુકો-૧૪૮મિ.મિ. સાથે છેલ્લા ક્રમે રહેવા પામ્યો છે.

જિલ્લાના વિવિધ ડેમોની સપાટીની પરિસ્થિતિ જોઇએ તો નર્મદા ડેમ તેની ભયજનક સપાટી-૧૩૮.૬૮ મીટરની સામે-૧૧૫.૦૮ મીટર, કરજણ ડેમ તેની ભયજનક સપાટી-૧૧૬.૧૧ મીટરની સામે-૧૦૨.૪૮ મીટર, નાના કાકડીઆંબા ડેમ તેની ભયજનક સપાટી-૧૮૭.૭૮ મીટરની સામે-૧૭૯.૯૦ મીટર અને ચોપડવાવ ડેમ તેની ભયજનક સપાટી-૧૮૭.૪૧ મીટરની સામે-૧૭૯.૫૦મીટરે પહોંચ્યો છે. જ્યારે નર્મદા નદીનું ગરૂડેશ્વર પાસેના ગેજ લેવલની ભયજનક સપાટી-૩૧.૦૯ મીટરની સામે ૧૪.૧૦ મીટર નોંધાયેલ છે.

તસવીર :જ્યોતિ જગતાપ,રાજપીપલા

# ગરુડેશ્વર તાલુકા પંચાયતના વિરોધ પક્ષના સદસ્યો સહિત કોંગ્રેસ કાર્યકરોના ધરણા

## ગરૂડેશ્વર તાલુકામાં ભાજપ શાસિત તાલુકા પંચાયતના પ્રમુખ દ્વારા પંદરમા નાણા પંચની ગ્રાંટના નાણાં ફાળવવામા અખાડા સામે કોગ્રેસના ધરણા પ્રદર્શન

રાજપીપલા, તા.૧૯

નર્મદા જિલ્લા ના ગરૂડેશ્વર તાલુકામાં ભાજપ શાસિત તાલુકા પંચાયત ના પ્રમુખ દ્વારા પંદર મા નાણા પંચ ની ગ્રાંટ બાબતે કોગ્રેસ ના સભ્યો સાથે ભેદભાવ કરવામાં આવ્યો તે અંગે ધરણા પ્રદર્શન કરવામાં આવ્યુંહતું.આ ધરણા પ્રદર્શન મા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હરેશ વાળંદ ગરૂડેશ્વર તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા દક્ષાબેન તડવી નરેશભાઈ સોલંકી ઉસમાન મકરાણી તથા જિલ્લા પંચાયત ના સભ્યો નીતેષ તડવી ભગવતીબેન તડવી અને કોંગ્રેસ ના આગેવાનો હાજર રહ્યા હતા




આ અંગે ગરુડેશ્વર તાલુકા ના વિરોધ પક્ષના નેતા દક્ષાબેન તડવીએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે વિકાસ કમિશનર દ્વારા ગામના વિકાસ કરવા માટે તાલુકા પંચાયતને ૨૦ ટકા ગ્રાંટ, જિલ્લા પંચાયત ને ૨૯%, અને ગ્રામ પંચાયતને ૭૦ ટકા ગ્રાંટ ફાળવવામાં આવે છે. પણ ગરુડેશ્વર તાલુકા પંચાયતને ફાળવવાની થતી ૧૪ લાખ ૮ હજારની ગ્રાન્ટ આવીને પડી છે.આ બાબતે કામ કરવા બાબતે સોમવાર રજૂઆત કરવામાં આવી છે છતાં પણ ગ્રાન્ટ ફાળવતા નથી.એક તરફ વિકાસ કમિશનર કહે છે કે ગામડાનો વિકાસ કરો.તો બીજી તરફ ગામડા ના વિકાસ માટે ફાળવેલ ગ્રાન્ટ આપતા નથી. તો ગામડાનો વિકાસ કેવી રીતે થશે? એવું પણ નક્કી થયું છે કે ૬૦ટકા ગ્રાન્ટ સત્તા પક્ષને અને ૪૦ ટકા ગ્રાન્ટ વિપક્ષને આપવાની છે.પણ વિપક્ષને ધ્યાનમાં રાખ્યા વગરગ્રાન્ટ ફાળવતા નથી. જેની સામે અમારો વિરોધ છે. છેવાડાના ગામ સુધી નો વિકાસ થતો નથી.માટે વહેલી તકે ગ્રાન્ટ નહીં ફાળવે. જો નિકાલ નહી આવે તાલુકા પંચાયતને તાળાબંધીકરવામાં આવશે એવી ચીમકી પણ આપી હતી.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા



**આજે લાયન્સ કલબ ઓફ અમદાવાદ ઇન્ટરનેશનલ અને લાયન્સ ડિસ્ટ્રિક્ટ.૩૨૩ ૩૨ બી /૧ ના સયુકત ઉપ્રકમે લાયન્સ બિઝનેસ નેટવર્ક નુ આયોજન કરવામા આવ્યુ હતુ આ પ્રસંગે વતમાન ગવર્નર શ્રી.જગદીશ અગ્રવાલ. પુવ ગવર્નર શ્રી નરેન્દ્ર પટેલ તેમજ લાયન્સ ના અગ્રણી ની હાજરી મા અમદાવાદ ના ૮૦ થી વધુ વેપારી ઓ એભાગ લય પોતના બિઝનેસ ને આગળ વધારવા લાયન્સ બિઝનેસ નેટવર્ક મા જોડાયા હતા આ પ્રસંગે જૂનાગઢ ના લાયન્સ ડો.પી.સી.જોષી હાજર રહી આ બિઝનેસ નેટવર્ક નુ દિપ પાગ્રટય કરી કાર્યક્રમ નો પ્રારંભ કરાયો હતો**

# મોડાસા લાયન્સ ક્લબની શપથવિધિ કાર્યક્રમ લાયન્સ મંદીર ખાતે યોજાયો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

કોરોના સંક્રમણ હોય કે પછી કુદરતી કે માનવસર્જીત આફત લાયન્સ કલબ સમગ્ર વિશ્વમાં મદદ માટે હંમેશા અગ્રેસર હોય છે મોડાસા શહેર સહીત અરવલ્લીમાં સેવાકીય કાર્યો માટે હંમેશા અગ્રેસર રહેતી અને સમગ્ર ડીસ્ટ્રીકટમાં આગવું સ્થાન ધરાવતી મોડાસા લાયન્સ કલબના વર્ષ-૨૦૨૧-૨૨ ટીમનો શપથવિધિ કાર્યક્રમ લાયન્સ મંદીર મોડાસા ખાતે પાસ્ટ ડીસ્ટ્રીકટ ગવર્નર લાયન સૌરભભાઈ બ્રહ્મભટ્ટની ઉપસ્થિતીમાં યોજાયો હતો જેમાં વર્ષ-૨૦૨૧ના નવનિયુક્ત પ્રમુખ ગીરીશ પટેલને પૂર્વ પ્રમુખ ઈન્દ્રવદન બ્રહ્મભટ્ટએ ગોલ્ડન પીન અર્પણ કરી હતી




લાયન્સ કલબ મોડાસાના મંત્રી તરીકે જનક જોશી, ખજાનચી તરીકે જય અમીન,ઉપપ્રમુખ તરીકે યુસુફભાઈ સુથાર,ડૉ.મનીષ પટેલ, જીગ્નેશ પટેલ, ટેમર તરીકે તપશ્રી બ્રહ્મભટ્ટ અને ટેઈલ ટ્વીસ્ટર તરીકે ખીલન પટેલે શપથ ગ્રહણ કર્યા હતા નવનિયુક્ત ટીમે “સર્વ વીથ સ્માઈલ” સ્લોગન સાથે સેવાકીય કાર્યો માટે શહેર અને જીલ્લામાં અગ્રેસર રહેશેનું જણાવ્યું હતું. લાયન્સ કલબ મોડાસાની ટીમને લાયન્સ કમલેશ પટેલ, ડૉ,ટી.બી પટેલ ડી.સી.કોવીડ-૧૯ના પરેશ શાહ, ડી.સી ડાયાબીટીસના ભાવેશ જયસ્વાલ, પ્રવીણ પરમાર,વિનોદ ભાઈ પટેલ,રામભાઈ પટેલ ,કનુભાઈ પટેલ, મનુ પટેલ, નવીનભાઈ રામાણી, ડૉ.સુરેશ પટેલ, સુરેશ પટેલ સહીત લાયન્સ કલબના સદસ્યોએ અભિનંદન પાઠવ્યા હતા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.